Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

卐 રજતજયંતિનું વર્ષ 卐

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૯૫


## વીતરાગી સન્તો દ્વારા વિશ્વ શોભે છે

આ વિશ્વ શોભે છે તે માત્ર વીતરાગભાવરૂપ ધર્મતીર્થવડે જ શોભે છે; એવા તીર્થને સાધનારા ને પ્રવર્તાવનારા એવા સન્તો જગતમાં શોભે છે. એવા સન્ત જ્યાં જ્યાં જાય ત્યાં આનંદમંગળ વર્તે છે; ગ્રીષ્મના તીવ્ર તાપથી સંતપ્ત જનોને મેઘવર્ષા વડે જેમ શાંતિ થાય છે તેમ ભવતાપથી તપ્ત ભવ્યજીવોને વીતરાગી સન્તોની વાણીરૂપ મેઘવર્ષા પરમ શાંતિ આપે છે. એવા સન્ત દ્વારા આજે ભારતમાં સુવર્ણધામ શોભી રહ્યું છે. સુવર્ણના સન્ત ભવ્યજીવોને વીતરાગમાર્ગ દર્શાવીને અનંત શાંતિમય સુખધામમાં લઈ જાય છે. અહો, એવા ઉપકારી સન્તોને નમસ્કાર હો.

ધન ધન જગમાં એવા સન્તો...સંગત જેની બહુ સારી.

તંત્રી : જગજીવન બાવચંદ દોશી ❀ સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૪, વૈશાખ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૫ : અંક ૭
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# શાંત ધામમાં સ્વાગતમ્



આત્મિક–આરાધનામય જેમનું જીવન છે અને ભવ્યજીવોને જેઓ સદાય
આત્મિક–આરાધનાનો સંદેશ આપી રહ્યા છે એવા કહાન ગુરુદેવને શતશત વંદન.

# સમ્પાદકીય

## 卐 આપણા પૂજ્ય ગુરુદેવ 卐

આપણે અને ભારતના મુમુક્ષુઓએ હમણાં પરમ ઉલ્લાસ–ભક્તિપૂર્વક ગુરુદેવની જન્મજયંતિનો ઉત્સવ ઉજવ્યો...ગુરુદેવના જીવનમાં મુમુક્ષુ ભક્તો આટલા આનંદથી રસ લ્યે છે–કેમકે એમનું પવિત્ર જીવન આપણને આત્મસાધનાની પ્રેરણા આપે છે, આત્મહિતનો માર્ગ તેઓશ્રી આપણને દેખાડી રહ્યા છે. ધર્મની સાધના એ જ જીવનની મહત્તા છે એમ તેમનું જીવન પ્રસિદ્ધ કરી રહ્યું છે. એમનું જીવન એ પુરાણપુરુષોનું પૂર્વજીવન છે. જીવનમાં આત્માર્થ સાધવા માટે જીવની કેટલી તૈયારી હોવી જોઈએ– એનો આદર્શ ગુરુદેવના જીવનમાં જોવા મળે છે. આવા મહાપુરુષના અંતરંગ જીવનની ઓળખાણ કરવા માટે અંતરની કોઈ જુદી દ્રષ્ટિ જોઈએ...વિરલા જીવો એવી ઓળખાણ કરે છે. શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં કહીએ તો ‘મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.’

આપણા ગુરુદેવનું જીવન ભૂતકાળમાંય મહાન વિશેષતાઓથી ભરપૂર હતું, વર્તમાનમાં તેમના જીવનની પરમ વિશેષતાઓ આપણે નજરે નીહાળી રહ્યા છીએ, ને ભવિષ્યનું એમનું જીવન જગતના જે સર્વોત્કૃષ્ટ પદને શોભાવશે–એની સ્મૃતિ પણ આત્માને ધર્મોલ્લાસ જગાડે છે ને એ મંગલમૂર્તિ મહાત્મા પ્રત્યે દિવ્ય બહુમાન જાગે છે, તથા એમ ધન્યતા અનુભવાય છે કે આવા મહાન આત્માની સાથે જ, તેમના ચરણસમીપમાં આપણે વસી રહ્યા છીએ.

જે ગુરુદેવે જીવનમાં આત્મશોધ કરીને આપણને પણ એનો નિઃશંકમાર્ગ દેખાડયો...એવા ગુરુદેવને દેહાતીત, જન્મ–મરણથી રહિત અવિનાશી ચિન્માત્રસ્વરૂપે આત્મભાવે આપણે ઓળખીએ, અને એવા આત્મભાવની ઉપાસના કરીને નિશ્ચય ગુરુસેવાનું ઉત્તમફળ પ્રાપ્ત કરીએ...ને ઠેઠ મોક્ષનગરી સુધી ગુરુદેવની સાથે જ રહીએ– એવી અંતરની ભાવના સાથે ગુરુદેવને અભિનંદીએ છીએ.

**–બ્ર. હરિલાલ જૈન.**



## ❀ મં...ગ...ળ...મા...ળા ❀

[ પૂ. ગુરુદેવનો ૭૯મો જન્મોત્સવ વીંછીયાનગરમાં ઉજવાયો; તે ઉત્સવ પ્રસંગના પ્રવચનોમાંથી ૭૯ પુષ્પોની મંગળમાળા અહીં આપવામાં આવી છે...સં. ]

૧. અસંખ્યપ્રદેશી આત્મક્ષેત્ર એવું છે કે જેમાં અતીન્દ્રિય આનંદના ને કેવળજ્ઞાનના પાક પાકે; આવા આત્માને શ્રદ્ધામાં-જ્ઞાનમાં-અનુભવમાં લેવો તે મંગળ છે.

૨. આત્મામાં સર્વજ્ઞસ્વભાવ છે; તે સ્વભાવ જેમણે પૂર્ણ પ્રગટ કર્યો તે સર્વજ્ઞદેવ છે.

૩. આ દેહમાં રહેલું આત્મતત્વ પણ એવું જ સર્વજ્ઞસ્વભાવી છે, પણ જીવે પોતાનું સ્વરૂપ કદી જાણ્યું નથી.

૪. અનંતકાળથી નિજસ્વરૂપના ભાન વગર જ જીવ સંસારમાં રખડયો છે, પણ જ્ઞાનીસંતની સાચી સેવા કદી કરી નથી.

૫. અરે જીવ! આ દેહમાં આત્મા કાયમ રહેવાનો નથી, તો એ જડ દેહની હોંશ શી?

૬. તારું ચૈતન્ય સ્વરૂપ એ જ કાયમ રહેનાર છે, તેને દેહથી ભિન્ન જાણીને તેનો ઉત્સાહ કર.

૭. સરખેસરખાની પ્રીતિ શોભે; ચેતનને ચેતનનો પ્રેમ શોભે; પણ પોતે ચેતન થઈને જડનો પ્રેમ કરે છે-એ શોભતું નથી.

૮. અરે, જ્ઞાન અને રાગ પણ જુદી ચીજ છે, બંને એક નથી; એટલે જ્ઞાનનો પ્રેમ છોડીને રાગનો પ્રેમ કરે એ જીવને શોભતું નથી.

૯. શુદ્ધનય વડે પોતાના આત્મસ્વભાવને બંધરહિત અનુભવવો તે સમ્યગ્દર્શન છે. જૈનશાસનનું સાચું રહસ્ય આ શુદ્ધનય વડે જ જણાય છે.

૧૦. આ ભવબંધનના દુઃખથી તારે છૂટવું હોય તો તારા શુદ્ધ આત્માનો તું સત્કાર કર...તેની સન્મુખ થઈને તેનો પ્રેમ કર.

૧૧. આત્માને જાણવાથી સુખ થાય; પણ કેવા સ્વરૂપે આત્માને જાણવો, અને કઇ રીતે તે જણાય તે વાત આ સમયસારની ૧૪મી ગાથામાં બતાવી છે.

૧૨. અત્યારે જ સ્વભાવદ્રષ્ટિથી જોતાં આત્મા 'ભગવાન' છે. અનંત જ્ઞાનરૂપ ભગવાનપણું જો અત્યારે જ આત્મામાં ન હોય તો તે કયાંથી આવશે ?

૧૩. ભાઈ, પર્યાયમાં અશુદ્ધતા અને કર્મનો સંબંધ છે એટલો જ આત્માને તું ન દેખ; પણ તેને અભૂતાર્થ કરીને, ભૂતાર્થદ્રષ્ટિથી શુદ્ધ આત્માને જો...તેને શ્રદ્ધામાં ને અનુભવમાં લે.

૧૪. અભૂતાર્થ એવા અશુદ્ધભાવોનો અનુભવ તો તેં અનાદિથી કર્યો, પણ તને સુખ ન મળ્યું; ભૂતાર્થસ્વભાવને શુદ્ધનય વડે દેખતાં પરમ સુખ થાય છે.

૧૫. જેમ 'શ્રી–ફળ' તે ખરેખર છોતાં, કાચલી અને રાતીછાલ એ ત્રણેથી ભિન્ન મીઠો સફેદ ગોટો છે; તેમ શ્રી–ફળ એટલે સ્વરૂપની લક્ષ્મીથી શોભતો શુદ્ધ જ્ઞાન–આનંદનો ગોળો આત્મા, તે દેહરૂપ છોતાંથી, કર્મરૂપી કાચલીથી, અને રાગરૂપી રાતપથી જુદો છે.

૧૬. નિશ્ચયથી આવા શુદ્ધ આત્માની અનુભૂતિ તે ધર્મ છે; તે જૈનશાસનનો સાર છે; તેમાં જ આત્માનો મીઠો આનંદસ્વાદ છે.

૧૭. અરે, આત્માના શુદ્ધસ્વરૂપને જાણ્યા વગર અજ્ઞાની જીવો બીજી અનેક રાગક્રિયા વડે લાભ માની માનીને ચારગતિમાં ટળવળે છે, પણ શુદ્ધફળને પામતા નથી.

૧૮. શુદ્ધ આત્માના અનુભવ વડે પરમ આનંદની પ્રાપ્તિ એ જ અનેકાન્તનું સાચું ફળ છે.

૧૯. ભાઈ, આત્માની શ્રદ્ધા અને અનુભવ કરવામાં જગતની કોઇ પ્રતિકૂળતા, નિર્ધનતા કે મોંઘવારી નડતી નથી, અને બહારની અનુકૂળતા તેમાં મદદ પણ કરતી નથી.

૨૦. આત્મા–સ્વયં રાગથી પાર થઈને શુદ્ધનય વડે પોતે પોતાને શુદ્ધસ્વરૂપે અનુભવે છે. આવો અનુભવ કરે ત્યારે જ જીવ ધર્મી થાય છે.

૨૧. પુણ્ય–પાપની વૃત્તિઓ તે શુદ્ધઆત્માની અનુભૂતિમાં નથી; એ બંને પ્રકારની વૃત્તિઓ મલિન છે, તેનાથી જુદી શુદ્ધ–ચૈતન્યની જે અનુભૂતિ છે તે અત્યંત પવિત્ર છે.

૨૨. અનુભવ માટે જિજ્ઞાસુ થઈને શિષ્ય પૂછે છે–પ્રભો! આપે કહ્યો એવો શુદ્ધાત્મા કંઇક લક્ષમાં તો લીધો, તેવા આત્માની અનુભૂતિ કેમ થાય? અશુદ્ધતા હોવા છતાં શુદ્ધઆત્મા કઇ રીતે અનુભવમાં આવે?

૨૩. શ્રીગુરુ બે નયના ખુલાસા વડે તેને અનુભવની રીત સમજાવે છે : ભાઈ! જે અશુદ્ધભાવો છે તે શુદ્ધનયના વિષયમાં નથી. માટે શુદ્ધનયનું અવલંબન લઈને આત્માનો અનુભવ કરતાં, અશુદ્ધતા રહિત એવો શુદ્ધ આત્મા તને અનુભવમાં આવશે.

૨૪. જેણે આવો અનુભવ કર્યો તેનું જીવન સફળ છે.

૨૫. પર્યાયમાં અશુદ્ધતા અને કર્મસંયોગ દેખાય છે–છતાં તેના વગરનો આત્મા અનુભવી શકાય છે;– કેમ કે તે ભાવો આત્માનો ભૂતાર્થસ્વભાવ નથી, પણ અભૂતાર્થ છે, આત્માના સ્વભાવની અનુભૂતિથી તે બહાર છે.

૨૬. અરે જીવ! તારા ભૂતાર્થ શુદ્ધસ્વભાવને તેં રુચિથી સાંભળ્યો નથી. તારા સ્વભાવની એ દુર્લભ વાત સન્તો તને સમજાવે છે. રુચિ કરીને લક્ષમાં લેતાં આત્મા ન્યાલ થઇ જાય–એવો આત્મસ્વભાવ છે.

૨૭. પાણીનો સંયોગ હોવા છતાં જેમ કમળપત્રના અલિપ્ત સ્વભાવને પાણી અડયું નથી; તેમ કર્મનો સંબંધ હોવા છતાં અસ્પર્શી–ચિદાનંદસ્વભાવની સન્મુખ થઇને અનુભવ કરતાં આત્મા કર્મસંબંધ વગરનો અનુભવાય છે.

૨૮. ભાઈ, પરના સંબંધવાળો અશુદ્ધઆત્મા જ તેં અનાદિથી અનુભવ્યો; પણ હવે શુદ્ધનયવડે સ્વભાવની સમીપ આવીને શુદ્ધપણે આત્માને અનુભવમાં લે.

૨૯. જેમ પર્યાયમાં અશુદ્ધતા અનાદિથી છે તેમ શુદ્ધસ્વભાવ પણ અનાદિથી છે, પણ શુદ્ધને ભૂલીને એકલા અશુદ્ધપણે જ પોતાને અનુભવે છે. –એ અશુદ્ધઅનુભવનું નામ જ સંસાર છે, તે દુઃખ છે.

૩૦. શુદ્ધસ્વભાવ હું, ને અશુદ્ધતા હું નહિ –એમ ભેદજ્ઞાનવડે નિર્ણય કરીને શુદ્ધપણે પોતાને અનુભવવો તે મોક્ષનો ઉપાય છે, તે સુખ છે.

૩૧. સ્વલક્ષ ચૂકયો તે દુઃખ; સ્વલક્ષ કરવું તે સુખ.

૩૨. અતીન્દ્રિય આનંદના બરફનો ડુંગર આત્મા, તેમાં રાગ–દ્વેષરૂપી અગ્નિ કેવો? ચૈતન્યની અનુભૂતિની પરમશાંત ગૂફામાં શુભાશુભ–રાગની આકુળતારૂપ આતાપ નથી.

૩૩. ભાઈ, જ્યાં રાગ પણ તારા શુદ્ધ સ્વરૂપમાં નથી ત્યાં જડ શરીર તારું કયાંથી થઈ ગયું? જડ શરીરની ક્રિયાઓમાં તું નથી, તું તો તેનાથી અત્યંત ભિન્ન છો; એ જડને તું સ્પર્શ્યો પણ નથી.

૩૪. જેમ બરફની પાટમાં સર્વત્ર ઠંડક જ ભરી છે, તેમ શુદ્ધનયવડે ચૈતન્યસ્વરૂપ આત્માને અનુભવતાં તેમાં સર્વત્ર અતીન્દ્રિય શાંતિ જ ઠાંસીઠાંસીને ભરેલી છે, આકુળતાનો અંશ પણ એમાં નથી.

૩૫. –પણ આવો અનુભવ કરવા માટે એકવાર મરણીયો થઈને આત્મામાં ઊતરવું જોઈએ.

૩૬. અરે ભાઈ! તારું જે સ્વરૂપ સન્તો કહે છે તે વિચારીને એકવાર હા તો પાડ! પોતાનું સ્વરૂપ પોતે યથાર્થ વિચારમાં પણ કદી લીધું નથી.

૩૭. આત્માનો સ્વભાવ સમીપ(તન્મયરૂપ) હોવા છતાં રાગમાં એકતાબુદ્ધિને લીધે અજ્ઞાનીને તે દૂર લાગે છે. અરે! પોતાનો સ્વભાવ પોતાથી દૂર! –એ તે કેવી રમત? –(દૂર કાં પ્રભુ દોડ તું! મારે રમત રમવી નથી...)

૩૮. સ્વભાવથી દૂર તે દુર્ગતિઃ સ્વભાવની સમીપતા–એકતા તે સુગતિ (મોક્ષ). સ્વદ્રવ્યના આશ્રયે સુગતિ ને પરદ્રવ્યના આશ્રયે ચારગતિરૂપ દુર્ગતિ.

૩૯. અહો, આવા શુદ્ધ સ્વતત્ત્વના અનુભવની રીત બતાવીને સન્તોએ પરમ ઉપકાર કર્યો છે...તેમાં આત્માની દરકાર કરીને અંદર લક્ષ કરવા જેવું છે.

**૪૦**

**૭૯ પુષ્પોની મંગળમાળાના આ બરાબર વચલા મણકા વડે પૂ. ગુરુદેવને હજારો ભક્તો હૈયાના ઉમળકાથી અભિનંદે છેઃ અહો! સ્વાનુભૂતિદાતાર ગુરુદેવ! આપનો ઉપકાર અજોડ છે.**

૪૧. સર્વજ્ઞ ભગવાને જેવો આત્મા દેખ્યો તેવો આત્મા જે પોતામાં દેખે તેને સમ્યગ્દર્શન છે.

૪૨. રે જીવ! દેહ અને રાગની સમીપતા વડે જે અનુભવ થાય તે તું નથી; પણ તેનાથી દૂર (એટલે કે ભિન્ન) થઈને, અને શુદ્ધસ્વભાવની સમીપ( એટલે કે એકત્વરૂપ ) થઈને જે અનુભવ થયો તે તું છો.

૪૩. 'આત્માના સ્વભાવની સમીપતા' કહેતાં તેમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે આવી ગયા; તે અનુભવને જ આત્મા કહ્યો. (આત્મા તે દ્રવ્ય; સ્વભાવ તેના ગુણો; ને તેની સમીપતા તે નિર્મળ પર્યાય.) આવા આત્મઅનુભવને જિનશાસન કહ્યું છે.

૪૪. અનંતાજીવો આવો આત્મઅનુભવ કરીકરીને સિદ્ધપદ પામ્યા છે, ને તારામાં પણ એવો અનુભવ કરવાની તાકાત છે, તેથી તેનો ઉપદેશ શ્રીગુરુએ આપ્યો છે.

૪૫. અરે, ચાર ગતિમાં અવતાર ધારણ કરી કરીને ભટકવું તે તો ભગવાન આત્માને કલંક છે; તે કલંક મટાડવું હોય ને ચાર ગતિથી છૂટીને સિદ્ધપદ પામવું હોય તો તારા આત્મસ્વભાવની સન્મુખ થઈને શુદ્ધપણે તેનો અનુભવ કર. –એવો અનુભવ તે મોક્ષનો ઉપાય છે.

૪૬. શુદ્ધઆત્માના અનુભવને 'શુદ્ધનય' કહ્યો, ને તેને જ 'આત્મા' કહ્યો. –આવા આત્માનો અનુભવ તે સમ્યગ્દર્શનની રીત છે.

૪૭. તારો આત્મા પોતે ભગવાન છે, પોતે અનંત આનંદનો નિધાન છે, તેની સમીપ જા... તો તને આનંદના નિધાન મળે.

૪૮. મારી આનંદદશાને મારા સ્વભાવ સાથે સંબંધ છે, મારી આનંદદશાને બીજા સાથે સંબંધ નથી.–એમ ધર્મી અનુભવે છે.

૪૯. શુભ–અશુભ ભાવો તો આત્માની શુદ્ધતાને હણીને ઉત્પન્ન થાય છે; શુદ્ધપર્યાયરૂપ આનંદદશાનો ઘાત થયો ત્યારે શુભ–અશુભ રાગની ઉત્પત્તિ થઈ; –તો શુદ્ધતાના ઘાતક તે ભાવને આત્માનો સ્વભાવ કેમ મનાય?

૫૦. આત્માનું જ્ઞાન તો શાંત–અનાકુળ આનંદથી ભરેલું છે; ને રાગાદિભાવો દુઃખરૂપ આકુળતાવાળા છે.–એમાં બંનેની ભિન્નતા ઓળખીને, રાગથી જુદા જ્ઞાનભાવપણે આત્માને અનુભવવો–તે ધર્મ છે.

૫૧. શુદ્ધસ્વભાવ સાથે સંબંધ થયો( એકતા થઇ ) તેટલી પર્યાય સાચી; રાગ સાથે સંબંધ થયો તે પર્યાય ખરેખર આત્માનું સ્વરૂપ નહિ.

૫૨. આત્માના શીતળ ચૈતન્યસ્વભાવથી દૂર જે રાગાદિભાવો તેમાં તો આકુળતાની બળતરા છે શીતળસ્વભાવના અનુભવ વગરનો અજ્ઞાની જે કાંઈ કરે તે કલેશ અને દુઃખ જ છે...શુભરાગ પણ આકુળતા જ છે.

૫૩. એક ક્ષણ પણ તારા શુદ્ધ આત્મસ્વરૂપને ભૂલીશ મા.

૫૪. પર્યાયદૃષ્ટિએ કર્મનો સંબંધ હોવા છતાં શુદ્ધદૃષ્ટિએ જોતાં કર્મથી અલિપ્ત આત્મસ્વભાવ છે–એમ જિનશાસન દેખાડે છે.

૫૫. એકરૂપ જ્ઞાનસ્વભાવે આત્માને અનુભવે ત્યારે સમ્યગ્દર્શન થાય અને ત્યારે જીવ જિનશાસનમાં આવ્યો કહેવાય. તેની જે અનુભવદશા તે જ જૈનશાસન છે.

૫૬. આત્મા પોતાના અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્ર વાળો છે. પર્યાયદૃષ્ટિએ જોતાં નર–નારકાદિ ભિન્ન–ભિન્ન આકારો છે પણ તે અભૂતાર્થ છે. ભૂતાર્થસ્વભાવ એકરૂપ અસંખ્યપ્રદેશી જ્ઞાનસ્વભાવપણે જ સદાય રહેલો છે.

૫૭. અરે, આ જીવન પૂરું થઈને ભવ પલટવાના ટાણાં આવ્યા છતાં જીવ પોતાના સ્વરૂપની સંભાળ કેમ કરતો નથી ?

૫૮. ઈન્દ્રો સ્વર્ગમાંથી ઊતરીને મનુષ્યલોકમાં તીર્થંકર વગેરે પાસે જે ધર્મની વાત સાંભળવા આવે છે તે ધર્મ કેવો મહિમાવંત હશે !! શું શુભ–રાગની ને પુણ્યની જ વાત સાંભળવા ઈન્દ્રો સ્વર્ગમાંથી આવતા હશે ?

૫૯. આત્માના ચિદાનંદસ્વભાવનો મહિમા શુભ–રાગથી પણ પાર છે.

૬૦. આત્માના પોતાના સ્વદ્રવ્ય–સ્વક્ષેત્ર–સ્વકાળ ને સ્વભાવનું મનન કરતાં તેમાંથી અલૌકિક રહસ્ય નીકળે છે.

૬૧. 'આત્મા' તેને કહ્યો કે જેના અનુભવથી પરમ આનંદ થાય છે. રાગાદિના અનુભવમાં આનંદ નથી, તેથી તે ખરેખર આત્મા નથી.

૬૨. દ્રવ્ય શું, પર્યાય શું ? શુદ્ધ શું, અશુદ્ધ શું ? એમ બંને પડખાંને જાણીને જેના અનુભવથી આત્માને આનંદ થાય તેનો આદર કરવો.

૬૩. શુદ્ધનય અને વ્યવહારનય એ બન્ને નયને જાણીને, શુદ્ધનયના, વિષયરૂપ શુદ્ધ આત્મસ્વભાવને અનુભવતાં સમ્યગ્દર્શન અને પરમ આનંદ થાય છે.

૬૪. વ્યવહારના વિષયરૂપ જે અશુદ્ધતા કે ભેદ, તેના અનુભવથી આનંદ થતો નથી, માટે તેને ખરેખર આત્મા કહેતા નથી, એટલે તે આદરણીય નથી.

૬૫. આત્મા છે–પણ તે દેખાતો કેમ નથી ? ભાઈ ! આ બધાને જે જાણે છે તે કોણ છે ? બધાંને જાણનાર પોતે જ આત્મા છે; તે અંતર્મુખ થઇને પોતે પોતાને પણ જાણી શકે છે.

૬૬. અરે જીવ ! અનેકવિધ વિપરીત કલ્પના કરીને તારા આત્માને જ તું ભૂલ્યો. આત્મા નથી–અર્થાત્ હું નથી એમ કહેનાર પોતે જ અસ્તિરૂપ છે.–છતાં આશ્ચર્ય છે કે પોતે પોતાના અસ્તિત્વની ના પાડે છે !

૬૭. જે જ્ઞાનની સાથે સુખ ન હોય એને તો જ્ઞાન કોણ કહે ? આત્મા સારભૂત છે કેમકે તેને જાણતાં જાણનારને સુખ થાય છે.

૬૮. શુદ્ધઆત્માના જ્ઞાનથી સુખ છે; શુદ્ધઆત્માના જ્ઞાન વગર અન્યને જાણતાં સુખ નથી. એકલી અશુદ્ધતાને જાણ્યા કરે તેથી સુખ નથી. શુદ્ધાત્માને જાણતાં સુખ છે માટે શુદ્ધઆત્મા જ સારરૂપ છે.

૬૯. શુદ્ધઆત્માની સન્મુખ થઈને જે જ્ઞાન થાય તેને ખરું જ્ઞાન કહે છે, તે જ સમ્યક્‌ત્વ છે, તે જ સુખ છે; તે જ ધર્મ છે.

૭૦. હજી તો જ્ઞાનની પર્યાય આત્માથી પોતાથી છે, ને બીજાથી નથી –એમ પર્યાયની સ્વતંત્રતા પણ જેને ન બેસે તેને તો પર્યાયને અંતરમાં વાળીને શુદ્ધનયના અનુભવનો અવસર કેવો ?

૭૧. અરે, પોતાની પર્યાયને પરાધીન મનાવે, કર્મને લીધે મનાવે તે તો કર્મ સામે જ જોયા કરે, તે જ્ઞાનસ્વભાવ સામે ક્યારે જુએ ?

૭૨. પર્યાય પરને લીધે નહિ ને એકલી પર્યાય જેટલો આખો આત્મા નહિ, આત્મા તો અખંડ સ્વભાવથી પરિપૂર્ણ છે. –એને શુદ્ધનય દેખે છે.

૭૩. શુદ્ધનયરૂપી આંખ જેને ઊઘડી નથી તેને ધર્મ થતો નથી, તે ચૈતન્યસૂર્યને દેખતો નથી.

૭૪. અહા, ઝગઝગતો ચૈતન્યસૂર્ય તેના સ્વાનુભવ વડે જેણે જ્ઞાનકિરણ પ્રગટ કર્યા તેનો અવતાર સફળ છે.

૭૫. પોતાના આત્માને શુદ્ધપણે જાણ્યો ત્યારે અરિહંતપ્રભુ વગેરેની શુદ્ધિને ઓળખી; આવી ઓળખાણ કરે ત્યારે જ સાચી સ્તુતિ થાય.

૭૬. અહો, અમે તને આવો જ્ઞાયકઆત્મા સમયસારમાં દેખાડયો તેને હે ભવ્ય ! તું પ્રમાણ કરજે...હા પાડીને તેવો સ્વાનુભવ કરજે.

૭૭. આત્મામાં વીરપણું છે, વીરપણું આત્મામા જાણીને તેનું જ્ઞાન–ધ્યાન કરતાં આત્મામાં વીરતા પ્રગટે છે...ને જીતના નગારાં વાગે છે.

૭૮. જિનવાણી પરમાગમ–કે જેને કેવળજ્ઞાનરૂપી શરીર છે, તે જિનવાણી આત્માનો પરમ શુદ્ધસ્વભાવ દેખાડે છે.

૭૯. સ્વભાવની શ્રદ્ધારૂપી બીજ ઊગી તે કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થયે છૂટકો. –એ મહા મંગળ છે.

'સાત' ને 'નવ' સોળ છે પરિપૂર્ણ કહેવાય; જન્મોત્સવ ગુરુદેવનો આનંદથી ઉજવાય.
ગુરુ બતાવે પૂર્ણપદ આનંદ મંગલકાર; દેખો સૌ ભવ્યો તમે થાશો ભવથી પાર.
બીજ ઊગી ગુરુદેવને, એ થાશે કેવળ પૂર્ણ; સૂર્ય કીર્તિ સમ શોભશે, સર્વ અંગથી ધર્મ.
જન્મોત્સવ–જયમાલિકા નગર વીંછીયા ગામ; ચંદ્રપ્રભુ જિન ચરણમાં ફરી ફરી કરું પ્રણામ.

( બ્ર. હ. જૈન )

# ધર્મી જીવ કેવા છે?

## ( મોરબી-વાંકાનેર, ચૈત્ર સુદ ૮ થી ૧૫, સ.ગા.૭૫ )

ભગવાન આત્મા દેહથી ભિન્ન જ્ઞાનતત્ત્વ છે; આવા આત્માનું જ્ઞાન થતાં શું થાય? એટલે કે જે જ્ઞાની થયો તે જીવ કઇ રીતે ઓળખાય? તેની આ વાત છે. આ સમજતાં અંદરમાં પોતાને તેવું ભેદજ્ઞાન થાય છે.

જડ–અચેતનથી તો સદાય ભિન્ન આત્મા છે; અંદર રાગની વૃત્તિથી પણ જુદું જે જ્ઞાનતત્ત્વ, તેનામાં સર્વજ્ઞ થવાની તાકાત છે. આત્માની શક્તિનું ભાન કરીને જે સર્વજ્ઞ થયા, તેમણે જોયેલું ને અનુભવેલું આત્મતત્ત્વ કેવું છે? તેનું ચિહ્ન શું છે? તે ઓળખ્યા વગર ધર્મ થાય નહિ. જ્ઞાન ને આનંદથી ભરેલું આત્મતત્ત્વ અનુભવમાં લઇને જેઓ વીતરાગ–સર્વજ્ઞ પરમાત્મા થયા તેમની વાણી તે શાસ્ત્ર છે. આ સમયસાર તે સર્વજ્ઞ ભગવાનની વાણી છે. સર્વજ્ઞપરમાત્માની વાણી ઝીલીને શ્રી કુંદકુંદાચાર્યદેવે તે રચ્યું છે. તેમાં આ ૭૫ મી ગાથામાં જ્ઞાનીનું ચિહ્ન ઓળખાવતાં કહે છે કે–

**પરિણામ કર્મતણું અને નોકર્મનું પરિણામ જે,**
**તે નવ કરે જે માત્ર જાણે તે જ આત્મા જ્ઞાની છે.**

જ્ઞાની પોતાને જ્ઞાનસ્વભાવરૂપ જાણે છે; જ્ઞાનથી ભિન્ન એવા કર્મ કે શરીરાદિને અંશમાત્ર પોતાના જાણતા નથી; જ્ઞાનભાવરૂપ જે કાર્ય તેને જ તે કરે છે. આવા જ્ઞાનકાર્યના કર્તાપણે જ્ઞાની ઓળખાય છે.

પોતાના સ્વરૂપની સાવધાનીનો અભાવ તે મોહભાવ છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે–

**ઉપજે મોહ-વિકલ્પથી સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.**

આવા મોહનો નાશ કર્યા વગર, એટલે કે નિજસ્વરૂપના અવલોકન વગર, જીવે વ્રત–તપ–ત્યાગ–દાન–દયા વગેરે શુભપરિણામ પણ અનંતવાર કર્યા, પણ જે ખરું નિજસ્વરૂપ છે તેને ન સમજવાથી સંસારમાં જ રખડયો. અહીં કહે છે કે ભાઈ! જે શુભરાગ છે તે કાંઇ જ્ઞાનીનું ચિહ્ન નથી. શુભરાગ વડે જ્ઞાની ઓળખાતા નથી. પણ

શુભાશુભ સમસ્ત રાગથી ભિન્ન એવું જે જ્ઞાન, તે જ્ઞાનના કર્તારૂપ આત્મસ્વભાવની ઓળખાણ–અનુભૂતિ તે જ્ઞાનીનું ચિહ્ન છે, તે જ જ્ઞાનીનું કાર્ય છે. રાગ તે ધર્મીનું કાર્ય નથી, દેહની ક્રિયા તે ધર્મીનું કાર્ય નથી.

જ્ઞાનીને નિજસ્વરૂપના અંતર્મુખ અવલોકનથી વીતરાગી આનંદપર્યાય પ્રગટ થાય છે તેનો તે કર્તા છે; બહિર્મુખ ભાવોનો કર્તા તે નથી, તેનાથી તો તે પોતાને ભિન્ન અનુભવે છે. રાગ તે આત્માથી જુદો પડી જાય છે માટે તે આત્મભાવ નથી, તે જ્ઞાનીનું લક્ષણ નથી, તે જ્ઞાનીનું કાર્ય નથી. જ્ઞાનીનું કાર્ય તો જ્ઞાનમય હોય. ચૈતન્યરસના અનુભવની ખુમારી જ્ઞાનીને કદી ઊતરતી નથી.

આત્મા ભગવાન છે...જ્ઞાન ને આનંદથી ભરેલું જે મહિમાવંત તત્ત્વ તે આત્મા છે; કર્મ અને શરીરાદિનાં પરિણામ તેનાથી બાહ્ય છે, તેનો કર્તા જીવ નથી. જીવનું સ્વરૂપ શું છે? તે જાણ્યાં વગર જ્ઞાનીના ચિહ્નની ખબર પડે નહિ. 'આ જ્ઞાની છે, આ ધર્માત્મા છે, આ મોક્ષમાર્ગના સાધક છે' એમ કયા લક્ષણથી ઓળખાય? તેની આ વાત છે. રાગ તે આત્માનો સ્વભાવ નથી. તે આત્માનું લક્ષણ નથી; તેથી રાગની અનુભૂતિ વડે જ્ઞાની ઓળખાતા નથી. જ્ઞાનીએ અંતરમાં સર્વજ્ઞસ્વભાવી આત્માને જાણ્યો છે, તેથી તે જ્ઞાનપરિણામને જ કરે છે. એટલે એવા જ્ઞાનપરિણામના કર્તૃત્વ વડે જ્ઞાની ઓળખાય છે. જેને રાગનું કર્તૃત્વ છે તે જ્ઞાની નહિ; જેને દેહનું–કર્મનું–જડનું કર્તૃત્વ છે તે જ્ઞાની નહિ. જ્ઞાની એટલે જ્ઞાનસૂર્ય; તે જ્ઞાનસૂર્યનાં કિરણો તો નિર્મળ જ્ઞાનમય છે; જ્ઞાનકિરણોમાં રાગાદિ મેલ નથી.

જ્ઞાનીને જ્ઞાનની ભૂમિકામાં જ્ઞાનનું જ કર્તૃત્વ છે, રાગનું કર્તૃત્વ નથી; છતાં તે ભૂમિકાને યોગ્ય પૂજા–ભક્તિ–યાત્રા ઇત્યાદિ દેવ–ગુરુના બહુમાનના શુભભાવ આવે છે. પણ તે શુભભાવ પોતે કાંઇ જ્ઞાનીનું ચિહ્ન નથી. તે શુભરાગ જ્ઞાનનું પરજ્ઞેય છે, તે જ્ઞાનનું સ્વજ્ઞેય નથી. રાગને જે સ્વજ્ઞેયપણે અનુભવે છે તેણે ચૈતન્યના અંતરખજાનાને તાળા માર્યા છે. ચૈતન્યપ્રભુ પ્રશમરસનો શાંતપિંડ, તેમાં રાગની આકુળતા નથી. આત્માનું સ્વજ્ઞેય તો જ્ઞાનમય છે; –જેને જાણતાંઆનંદ પ્રગટે ને જન્મમરણનો અંત આવે–એવું પરમતત્ત્વ સ્વજ્ઞેય આત્મા છે. આવા આત્માને સ્વજ્ઞેય કરતાં સમ્યગ્દર્શન થયું ને આનંદનો અનુભવ પ્રગટયો તે જ જ્ઞાનીનું ચિહ્ન છે.

જેમ માટી ઘડા સાથે એકરૂપ થઇને તેની કર્તા છે, તેમ જ્ઞાની રાગાદિ સાથે એકરૂપ થઇને તેનો કર્તા નથી, પણ તેનાથી ભિન્નપણે તેનો જ્ઞાતા જ છે. જે જ્ઞાતા–પરિણામ છે તેની સાથે એકરૂપપણે જ્ઞાની તેના કર્તા છે. તે જ્ઞાનપરિણામમાં રાગાદિનું કર્તૃત્વ નથી; એવા જ્ઞાનપરિણામ વડે જ જ્ઞાની ઓળખાય છે.

ભગવાન આત્મા રાગાદિથી રહિત ચેતનસ્વભાવી છે; છતાં રાગ વડે તેની પ્રાપ્તિ થવાનું જે માને છે તે રાગને જ આત્મા માને છે; રાગથી રહિત એવા જ્ઞાનપણે

પોતાનું અસ્તિત્વ તેને ભાસતું નથી, એટલે તે જ્ઞાનરૂપ થતો નથી પણ અજ્ઞાની રહે છે. દેહ અને રાગાદિપણે જ પોતાને અનુભવે છે તે અજ્ઞાનીનું લક્ષણ છે.

જ્ઞાનપરિણામ અને રાગપરિણામ એકકાળે વર્તતા હોય તેમાંથી, જ્ઞાની જ્ઞાનપરિણામમાં વર્તતા થકા તેના કર્તા છે. રાગપરિણામમાં તે તન્મયપણે વર્તતા નથી ને તેના કર્તા થતા નથી. ધર્મીની દ્રષ્ટિમાં શુદ્ધ આત્મદ્રવ્ય છે, તેનો જ તેને પ્રેમ છે. આત્માનો પ્રેમ છોડીને જેને પરભાવનો પ્રેમ થાય તેને અનંતાનુબંધી ક્રોધ છે, મિથ્યાત્વ છે, તે સંસારનું મૂળ છે. તે મૂળિયું જેણે સમ્યગ્દર્શન વડે છેદી નાંખ્યું છે એવા જ્ઞાનીની દશા કેવી અલૌકિક હોય તેની આ વાત છે.

જ્ઞાની આત્મપરિણામનો કર્તા છે; આત્મપરિણામ એટલે મોક્ષમાર્ગનાં પરિણામ; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે નિર્મળ આત્મભાવ છે તે ધર્મીનું કાર્ય છે, તે કાર્યના કર્તાપણે ધર્મી ઓળખાય છે. રાગવડે આસ્રવને બંધ ઓળખાય છે, તેના વડે ધર્મી ઓળખાતા નથી. ધર્મીની ઓળખાણ ધર્મવડે થાય. ધર્મ એટલે જ્ઞાનપરિણામ, તે જ્ઞાનપરિણામને જ કર્મપણે કરીને, તેના કર્તાપણે ધર્મીનો આત્મા પરિણમે છે. આ રીતે પરથી અને રાગથી ભિન્ન આત્માને સ્વજ્ઞેય કર્યો છે,– તે જ જ્ઞાનીની નિશાની છે. રાગથી ભિન્ન જ્ઞાનની વાનગી જેના સ્વાદમાં આવી નથી ને એકલા રાગના જ સ્વાદને વેદે છે તેને જ્ઞાનીની ઓળખાણ નથી.

જુઓ, ભગવાન મહાવીર પરમાત્મા આવા ભાન સહિત જન્મ્યા હતા; આવા સ્વરૂપે ઓળખે તો મહાવીરને ઓળખ્યા કહેવાય; બાકી મહાવીર ભગવાનના જન્મોત્સવના નામે લોકો બહારમાં સભા વગેરે કરે, પણ અંદરમાં મહાવીર ભગવાને કહેલા આવા આત્મસ્વરૂપના લક્ષ વગર વીરપ્રભુનો માર્ગ હાથમાં ન આવે. જેણે દેહથી ભિન્ન, રાગથી ભિન્ન ચૈતન્યનું ભાન કર્યું તેણે મહાવીર પ્રભુની સાચી સ્તુતિ કરી.

આ બહારનું શરીર તે તો અરૂપી ચૈતન્ય ઉપર વીંટાળેલા ચામડા જેવું છે; આત્મા કાંઇ તે–રૂપ થયો નથી; તેના વડે આત્મા ઓળખાતો નથી. આત્મા તો પોતાના સ્વધર્મ વડે ઓળખાય છે, એટલે જ્ઞાન–આનંદરૂપ નિર્મળ પરિણામ તે આત્માને ઓળખવાનું ચિહ્ન છે. આવા ચિહ્નથી આત્માને ઓળખતાં સમ્યગ્દર્શનાદિ થાય છે.

સમ્યગ્દ્રષ્ટિ રાગાદિને પરજ્ઞેય જાણે છે; જ્ઞાયકસ્વભાવ તરફ ઢળતો ભાવ, અને બહિરમુખી ભાવ–એ બંનેની જાત જ જુદી છે. એ બાહ્યભાવ વડે આત્મા ઓળખાતો નથી. આત્માની ઓળખાણ આત્મભાવ વડે થાય છે, આત્મા તરફ ઢળીને તન્મય થયેલા ભાવ વડે આત્મા ઓળખાય છે; ને એવો જ્ઞાનભાવ તે જ્ઞાનીનું ચિહ્ન છે.

અહો, જ્ઞાનીની ઓળખાણ જીવને દુર્લભ છે. જ્ઞાનભાવસ્વરૂપ જ્ઞાનીને ઓળખતાં રાગનું કર્તૃત્વ છૂટીને સમ્યગ્જ્ઞાન થાય છે.

# આત્માનું પરમાર્થ સ્વરૂપ...તેને ઓળખવાનું ચિહ્ન

## ( પ્રવચનસાર ગા. ૧૭૨ ઉપરના પ્રવચનોમાંથી : રાજકોટ )

દેહાદિ સર્વે પુદ્ગલરચના છે, તે જીવ નથી. જીવ પોતાના અસાધારણ લક્ષણ વડે તે દેહથી ભિન્ન છે. તે લક્ષણ શું છે? કે જેના વડે જીવનું પરદ્રવ્યોથી ભિન્ન વાસ્તવિક સ્વરૂપ ઓળખાય, ને ભેદજ્ઞાન થતાં વીતરાગી આનંદ થાય! –તેનું આ વર્ણન છે.

અરસપણું વગેરે બોલો દ્વારા જીવનું પુદ્ગલથી ભિન્નપણું ઓળખાય છે. અને પોતાના સ્વભાવઆશ્રિત એવા ચેતનાગુણ વડે આત્મા સમસ્ત અન્ય પદાર્થોથી જુદો ઓળખાય છે.

'અલિંગગ્રહણ' આત્મા કહ્યો તેમાંથી વીસ અર્થો અમૃતચંદ્રાચાર્યદેવે કાઢીને અલૌકિક આત્મસ્વરૂપ સમજાવ્યું છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે...કેવું જ્ઞાન? અતીન્દ્રિયજ્ઞાનઃ આવો અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા એવો નથી કે ઇન્દ્રિયો વડે જાણે. પાંચ ઇન્દ્રિયોરૂપી લિંગવડે જેને ગ્રહણ નથી, –ઇન્દ્રિયોવડે જે જાણતો નથી–તે અલિંગગ્રહણ છે. એકલી 'ઇન્દ્રિયો તરફનો બોધ તે સાચો બોધ નથી, ને તે આત્માનું ખરું ચિહ્ન નથી. ઇન્દ્રિયજ્ઞાનરૂપ વ્યવહાર હોવા છતાં તે ખરો આત્મા નથી. આત્મા તો અતીન્દ્રિયજ્ઞાનમય છે.

અતીન્દ્રિય જ્ઞાન કહો કે સર્વજ્ઞતા કહો. 'સર્વ' એવો શબ્દ છે તે શબ્દસમય; તેના વાચ્યરૂપ સર્વ પદાર્થો છે તે અર્થસમય; અને જાણનારું સર્વજ્ઞતારૂપ જ્ઞાન–તે જ્ઞાનસમય; આમ ત્રણે સમય સત્ છે, તે સત્ની પરુપણા છે; જે હોય તેની પરુપણા ને તેનું જ્ઞાન હોય. એને 'सत्पद परुपणा' કહેવાય છે. જ્ઞાનમાં 'સર્વજ્ઞતા' માન્યા વગર સર્વ પદાર્થોની સત્તાનો યથાર્થ સ્વીકાર થઇ શકે નહિ.

ઇન્દ્રિયથી જુદો આત્મા–તે ક્યારે જાણ્યો કહેવાય? કે પોતે અતીન્દ્રિય થઇને જાણે ત્યારે. ઇન્દ્રિયો તરફ જ રહીને જાણ્યા કરે એવો નહિ, પણ અતીન્દ્રિય થઇને જાણે એવો આત્મા છે.

આત્માને કેમ ઓળખવો તેનું આ વર્ણન છે. જે સ્વરૂપે આત્માને ઓળખતાં સમ્યગ્દર્શન થાય તેની આ વાત છે. ઇન્દ્રિયો તો આત્માથી જુદી જ છે. તે ઇન્દ્રિયો તરફ ઝુકેલા જ્ઞાનમાંય એવી તાકાત નથી કે તે આત્માનું લક્ષણ થઈ શકે. તે ઇન્દ્રિયજ્ઞાનમાં એવી તાકાત પણ નથી કે અતીન્દ્રિય પદાર્થોને ( આકાશ વગેરેને ) જાણી શકે. અતીન્દ્રિય જ્ઞાનમય આત્મામાં જ એવી તાકાત છે કે સર્વે પદાર્થોને જાણે. આવી અતીન્દ્રિયજ્ઞાન તાકાત વાળો આત્મા છે.

પ્રશ્ન :– અત્યારે તો ઇન્દ્રિય વડે જ જણાય છે?

**ઉત્તરઃ**- ના; ઇન્દ્રિયો વડે તો કદી આત્મા જાણતો નથી, પણ ઇન્દ્રિય તરફનું જ્ઞાન તે પણ ખરેખર આત્મા નથી. ઇન્દ્રિયજ્ઞાનને જ દેખે તે ખરા આત્માને દેખી શકતો નથી. ઇન્દ્રિયાતીત જ્ઞાનને દેખે તે જ સાચા આત્માને અનુભવે છે. ઇન્દ્રિયો એટલે લિંગ, તેના વડે ગ્રહે–જાણે એવો આત્મસ્વભાવ નથી, પણ તે લિંગ વગર જાણે એવો અલિંગગ્રહણ આત્મા છે...આ રીતે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે–એવો અલિંગગ્રહણનો અર્થ સમજાય છે...એટલે કે અતીન્દ્રિયજ્ઞાનમય ભાવ પ્રાપ્ત થાય છે, અનુભવમાં આવે છે.

આત્મા પોતે કર્તા થઇને ઇન્દ્રિયજ્ઞાન વડે જાણે એવો નથી–એટલે કે અતીન્દ્રિય જ્ઞાનમય છે–એમ પહેલા અર્થમાં કહ્યું.

હવે બીજા જીવોને ઇન્દ્રિયજ્ઞાન વડે જણાય એવો આત્મા નથી, એટલે ઇન્દ્રિયપ્રત્યક્ષ થાય એવો આત્મા નથી. અતીન્દ્રિય થયેલા એવા દેવ–ગુરુના આત્માને ઇન્દ્રિયજ્ઞાનવડે કોઇ જાણી શકે એમ બનતું નથી. ઇન્દ્રિયજ્ઞાન વડે કોઈ એમ માને કે મેં અરિહંતદેવને કે જ્ઞાનીને ઓળખી લીધા,–તો તે ઓળખાણ યથાર્થ નથી.

**આત્મા ઇન્દ્રિય વડે જાણે નહિ;**

**આત્મા ઈન્દ્રિયો વડે જણાય નહિ;**

**-આમ બે બોલ કહ્યા.**

અહા, ઇન્દ્રિયાતીત જ્ઞાનસ્વરૂપ આત્મા છે; તેને ઓળખવાની આ રીત કહેવાય છે; તેનું અસાધારણ સ્વરૂપ કહેવાય છે.

પ્રત્યક્ષસ્વરૂપ આત્મા છે તેની સન્મુખ પર્યાય થઇ તે પણ પ્રત્યક્ષ થઇ ગઇ –અતીન્દ્રિય થઇ ગઇ; તેના વડે આત્મા પકડાય છે એટલે અનુભવાય છે. ચોથા ગુણસ્થાને પણ આત્માને અનુભવનારું જ્ઞાન પ્રત્યક્ષ અને અતીન્દ્રિય થયેલું છે. આત્માના અનુભવમાં ગયેલી પર્યાય પ્રત્યક્ષ થઇ જાય છે ને તે પ્રત્યક્ષ દ્વારા આત્મા પ્રત્યક્ષ થાય છે. એના વગર એકલા ઇન્દ્રિજ્ઞાનથી આત્મા જણાતો નથી.

જેમ ધૂમાડા વડે અગ્નિનું અનુમાન થઇ શકે છે, તેમ આત્માનું અનુમાન કોઇ ઇન્દ્રિયગમ્ય ચિહ્ન વડે થઇ શકતું નથી. ‘આવી ભાષા છે માટે આ જ્ઞાની છે’ –એમ સાચું અનુમાન થઇ શકતું નથી. ઇન્દ્રિયપ્રત્યક્ષ કોઇ વસ્તુ ઉપરથી અનુમાન કરીને અતીન્દ્રિય આત્માને જાણી શકાય–એમ નથી. એ તો સ્વાનુભવપ્રત્યક્ષપૂર્વકના અનુમાનથી જણાય તેવો છે. પ્રત્યક્ષપણારૂપ નિશ્ચય વગર વ્યવહાર કાંઇ કામ કરી શકતા નથી. અનુમાન વડે આત્મા જણાય ખરો,–પણ કેવું અનુમાન? ઇન્દ્રિયપ્રત્યક્ષવાળું અનુમાન નહિ પણ આત્મપ્રત્યક્ષવાળું અનુમાન આત્માને નક્કી કરી શકે છે. આંખ ભગવાન સામે સ્થિર થઇ ગઇ માટે તે ધર્માત્મા છે–એવા અનુમાનદ્વારા ધર્મીની ઓળખાણ થઇ શકતી નથી. એકલું ઇન્દ્રિયજ્ઞાન તો કાઢી નાખ્યું પણ તેની સાથેનું મનવાળું અનુમાન પણ કાઢી નાંખ્યું.

જાતિસ્મરણજ્ઞાનમાં એક વિશેષ તાકાત છે કે બહારમાં ઇન્દ્રિયગમ્ય ચિહ્ન બધા બદલાઈ ગયા હોવા છતાં તે જ્ઞાનમાં એમ સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે કે આ અમુક આત્મા છે તે જ પૂર્વ ભવમાં મારી સાથે સંબંધવાળો હતો. જેમકે ઋષભદેવ ભગવાન આઠમા ભવમાં જ્યારે વજ્રજંઘરાજા હતા ને શ્રીમતી સાથે મુનિઓને આહારદાન દીધું હતું; પછી તો અસંખ્ય વર્ષો તે પ્રસંગને વીતી ગયા, સાત ભવ પલટી ગયા, દેહાદિ સામગ્રી તદ્દન પલટી ગઇ...છતાં જ્યારે ઋષભદેવ પ્રભુ મુનિદશામાં વિચરતા હતા ત્યારે શ્રેયાંસકુમાર તેમને જોતાં જ જાતિસ્મરણની નિર્મળતાના બળથી જાણી લ્યે છે કે આ ઋષભદેવનો આત્મા જ પૂર્વે અસંખ્ય વર્ષ પહેલાં આઠમા ભવે વજ્રજંઘરાજા હતા, ને હું શ્રીમતી નામે તેની પત્ની હતી, તે વખતે અમે મુનિવરોને આહારદાન વિધિપૂર્વક કર્યું હતું. તે ઉપરથી આહારદાનની વિધિ જાણીને શ્રેયાંસકુમાર ઋષભમુનિરાજને પડગાહન કરીને વિધિપૂર્વક આ ચોવીસીમાં ભરતક્ષેત્રમાં પહેલવહેલું આહારદાન કરે છે.

જુઓ તો ખરા, જાતિસ્મરણ જ્ઞાનની પણ કેટલી તાકાત! ઇન્દ્રિયગમ્ય ચિહ્ન વગર એટલું જાણી લીધું કે આ જ આત્મા પૂર્વે વજ્રજંઘ દશામાં હતો. –એમાં જરાય શંકા પડતી નથી. તો અતીન્દ્રિય થઇને આત્માને જે સ્વજ્ઞેય બનાવે તે જ્ઞાનની તાકાત કેટલી? એ તો મોક્ષમાર્ગનું સાધક થયું...કેવળજ્ઞાનની જાતનું થયું.

શુદ્ધાત્મા એકલા અનુમાનનો વિષય નથી. પ્રત્યક્ષપૂર્વકનું અનુમાન હોય તે જ સાચું અનુમાન હોય. પોતાના આત્માને પ્રત્યક્ષ કર્યા વગર બીજા આત્માનું અનુમાન કરવા જાય તો તે યથાર્થ થતું નથી. પોતાના આત્માને સ્વસંવેદનપ્રત્યક્ષ કરે ત્યારે જ અરિહંત ને સિદ્ધ વગેરેની સાચી ઓળખાણ થાય છે. એકલું પરલક્ષી અનુમાન તે સાચું નથી.

અહો, જ્ઞાનીનો આત્મા તો રાગથી ભિન્ન જ્ઞાનપરિણતિરૂપે પરિણમી રહ્યો છે. જેને પોતામાં રાગ અને જ્ઞાનની ભિન્નતા લક્ષમાં આવે તે જ જ્ઞાનીને ખરા સ્વરૂપે

ઓળખી શકે, ને તેને જ જ્ઞાનીની ઓળખાણનો ખરો પરમાર્થ લાભ પ્રાપ્ત થાય; એકલા ઉપલકભાવે ઓળખે તેમાં સાચું ફળ ન આવે. અનંતવાર જીવને જ્ઞાની તો મળ્યા, પણ જ્ઞાનીના આત્માને જ્ઞાનીપણે ઓળખ્યા નહિ. રાગ અને દેહ ઉપર દ્રષ્ટિ રાખીને જ્ઞાનીને પણ એ જ દ્રષ્ટિથી જોયા; પણ રાગથી ને દેહથી પાર એવા ચૈતન્યભાવની દ્રષ્ટિથી જ્ઞાનીને ઓળખ્યા નહિ, તેથી જ્ઞાનીની ખરી ઉપાસના તેણે કરી નહિ.

અનુમાનરૂપ લિંગ દ્વારા નહિ પણ સીધું પોતાના સ્વભાવ દ્વારા જાણવાનો જેનો સ્વભાવ છે એવો આત્મા છે; એટલે કે પ્રત્યક્ષ જાણનારો આત્મા છે. પુણ્ય–પાપ દ્વારા ઇન્દ્રિયો દ્વારા આત્માના આનંદનું વેદન થતું નથી. પણ અંતર્મુખ સ્વસંવેદનપ્રત્યક્ષ દ્વારા પોતે પોતાના આનંદને વેદનારો છે. અંતરને અનુભવનારો જે પ્રત્યક્ષ અંશ છે તે આત્માનો સ્વભાવ છે; સહજભાવ તે આત્મસ્વભાવરૂપ છે. આત્મા આત્મભાવ વડે જણાય, આત્મા પરભાવ વડે ન જણાય.

પોતામાં જે રાગથી લાભ માને છે, દેહની ક્રિયાને પોતાની માને છે, તે સામા જીવોમાં પણ રાગને અને દેહની ક્રિયાને જ દેખે છે; એટલે તેનું અનુમાન પણ સાચું હોતું નથી; આત્માનું ખરું સ્વરૂપ તેને અનુમાનમાં પણ નથી આવતું. શરીરવાળો આત્મા નહિ, આત્મા તો રૂપ વગરનો અશરીરી છે; રાગ વાળો પણ આત્મા નહિ, ને ઇન્દ્રિયજ્ઞાન કે મનના અવલંબનવાળું એકલું પરલક્ષી અનુમાનજ્ઞાન તે પણ પરમાર્થ આત્મા નહિ. આત્મા તો એકલા ચૈતન્યમય અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે. અતીન્દ્રિય કહો કે પ્રત્યક્ષ કહો, એવા જ્ઞાનવડે જાણવાનો આત્માનો સ્વભાવ છે.

લિંગ એટલે આત્માનું ચૈતન્યચિહ્ન; આત્મા ઉપયોગલક્ષણ વાળો છે; તે જ્ઞેયપદાર્થોના આલંબન વડે જાણનાર નથી, પણ સ્વાધીનપણે જાણનાર છે. ઇન્દ્રિયના અવલંબનવાળું તો જ્ઞાન આત્માનું ચિહ્ન નહિ, ને એકલા બહારના જ્ઞેયોના અવલંબનવાળું જ્ઞાન તે પણ આત્માનું ચિહ્ન નથી; પરાલંબી ભાવ વડે આત્મા જણાય નહિ. પોતાના આનંદસ્વભાવનું વેદન પરના અવલંબનવાળું નથી. પરના અવલંબને જ્ઞાન નથી તેમ પરના અવલંબને સુખ પણ નથી.

પરાલંબીભાવરૂપ વ્યવહાર તે ખરો આત્મા નહિ. મૂર્તિ વગેરે વ્યવહાર છે ખરો, પણ તે જ્ઞેયના અવલંબને શુભરાગ છે, આત્માનો સ્વભાવ તે પરાલંબી ભાવ વગરનો છે. વ્યવહાર કેવો છે ને તેની મર્યાદા કેટલી છે? અને પરમાર્થ આત્મા કેવો છે? તે બધાનો વિવેક કરવો જોઈએ.

આખી સર્વજ્ઞશક્તિવાળો આત્મા, તે પરજ્ઞેયના અવલંબને ખંડખંડ જાણનારો નહિ પણ પોતાના સ્વભાવને જ અવલંબીને જાણનાર છે. ઉપયોગ રાગરૂપ થઇને રાગને નથી જાણતો, પણ ઉપયોગ ઉપયોગરૂપ રહીને જ રાગને જાણે છે. ઉપયોગ

કદી અનુપયોગરૂપ થતો નથી. જેમ મીઠું ઓગળીને ખારા પાણીરૂપ થતું જોવામાં આવે છે, તેમાં કાંઇ વિરોધ નથી, પણ તેવી રીતે ઉપયોગરૂપ આત્મા પલટીને કદી જડરૂપ થઇ જાય–એમ થતું નથી, કેમકે ઉપયોગને અને જડને વિરુદ્ધતા છે. ઉપયોગરૂપ આત્મા પોતે, તે રાગને અવલંબીને જાણવાના સ્વભાવવાળો નથી. અહો, જગતના અવલંબન વગર જગતને જાણનારો આત્મા છે, એકલા પોતાના સ્વભાવના અવલંબને જાણનારો આત્મા છે. આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! આવા આત્માને તું જાણ! પ્રત્યક્ષજ્ઞાનપૂર્વક આવી આત્મપ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

મોક્ષમાર્ગમાં સાથે રાગ હો, વ્યવહાર હો, પણ તેના અવલંબને મોક્ષમાર્ગ ટકયો નથી; તે ભિન્ન જ્ઞેયપણે છે. તેના અવલંબનનું માહાત્મ્ય ધર્મીને રહ્યું નથી. ક્ષણેક્ષણે આત્મસ્વભાવને અવલંબતો ધર્મીજીવ મોક્ષમાર્ગની નિર્મળતાપણે પરિણમે છે, તેને જ ‘આત્મા’ કહેવામાં આવે છે. ચૈતન્યસ્વભાવને જ અનુસરનારો ઉપયોગ તે આત્માનું ચિહ્ન છે.

ચૈતન્યચિહ્નરૂપ જે લિંગ એટલે કે ઉપયોગ, તેને ક્યાંય બહારથી આત્મા ગ્રહણ કરતો નથી, સ્વયમેવ પોતે ઉપયોગરૂપ થઇને પરિણમે છે. રાગમાંથી જ્ઞાન આવે, કે શબ્દોમાંથી જ્ઞાન આવે–એમ નથી. તીખી તલવાર જેવી સૂક્ષ્મ જ્ઞાનદ્રષ્ટિવડે આત્મા પકડાય છે. ભાઈ, પરવસ્તુનો ઉપયોગ તું કરી શકતો નથી; ઉપયોગસ્વરૂપ તું છો –તેનો જ ઉપયોગ કર. પરમાંથી કાંઇ જ્ઞાન કે સુખ લેવા માગીશ તો તે નહિ આવે. અંદરમાં જ્ઞાન–સુખનો સમુદ્ર ભર્યો છે તેમાંથી અખંડ સરવાણી જ્ઞાન–સુખની વહ્યા કરે છે. ઉપયોગને નિજસ્વરૂપમાં જોડીને આત્મા સ્વયમેવ આનંદપણે પરિણમે છે. આનંદરૂપે પરિણમવામાં આત્માને કોઇ બહારનું અવલંબન નથી; ઉપયોગનું ઉપયોગસ્વરૂપમાં જોડાવું તે જ પરમ આનંદ છે. પહેલાં ઉપયોગનું ને પરભાવનું ભેદજ્ઞાન કરીને પરભાવથી જુદો પડીને નિજભાવમાં આવ્યો ત્યાં આત્માથી જ આનંદનો દરિયો ઉલ્લસે છે.

પરભાવોથી ભેદજ્ઞાન કરીને આત્માનો ઉપયોગ જ્યાં અંતરમાં વળ્યો ત્યાં તેને રોકી શકે એવી કોઇ ચીજ જગતમાં નથી. દ્રવ્યસ્વભાવ તરફ જે પરિણતિ ઝુકી તે પાછી પડે એમ બને નહિ. સ્વભાવમાં જે પર્યાય તલ્લીન થઇ તે પર્યાય કોઇથી હણાય નહિ; એ પર્યાય જીવંત થઇ તે કદી મરે નહિ. આવા ઉપયોગવાળો આત્મા તે પરમાર્થ આત્મા છે. તેમાં રાગરૂપી મેલ નથી.

ઉપરાગ વગરનો ઉપયોગ તે આત્મા છે; અંતર્મુખ ઉપયોગ–કે જેમાં રાગનો મેલ નથી, કર્મનું આવરણ નથી, એવો જેનો સ્વભાવ છે તે આત્મા છે. શુભાશુભ રાગમાં જોડાયેલો ઉપયોગ તે ખરેખર આત્મા નથી. શુભ કે અશુભ તે આત્માનું

લક્ષણ નથી. આવો રાગ વગરનો ઉપયોગ(શુદ્ધોપયોગ) ચોથા ગુણસ્થાને પણ સમ્યગ્દ્રષ્ટિને હોય છે. જો ચોથા ગુણસ્થાને આવો શુદ્ધોપયોગ સર્વથા ન માને ને એકલા શુભ–અશુભ ઉપયોગ જ હોવાનું માને તો તેને સમ્યગ્દર્શનભૂમિકાની ખબર નથી. સ્વસન્મુખ ઉપયોગરૂપે શુદ્ધોપયોગ નિરંતર ભલે ન રહે, પણ સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળે તો સ્વાનુભૂતિમાં શુદ્ધોપયોગ જરૂર થાય છે, ને પછી ઉપયોગ બીજે જોડાય તે વખતે પણ અનંતાનુબંધીના અભાવરૂપ શુદ્ધપરિણતિ તો સમ્યગ્દ્રષ્ટિને નિરંતર વર્તે જ છે. તે શુદ્ધ પરિણતિનેય શુદ્ધોપયોગ પણ કહેવામાં આવે છે. રાગ સાથે ભેળસેળ વગરનો જે નિર્મળ ઉપયોગ તે જ શુદ્ધઆત્માનું લક્ષણ છે; તે લક્ષણવડે આત્માનું પરમાર્થ સ્વરૂપ ઓળખાય છે ને અનુભવમાં આવે છે.

## કયો જીવ મહાવીરના બોધને પાત્ર અને સમ્યક્દશાને પાત્ર છે?

### તે સંબંધમાં શ્રીમદ્ રાજચંદ્રજી ૨૩મા વર્ષે લખે છે કે-

૧. સત્પુરુષના ચરણનો ઇચ્છક,

૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,

૩. ગુણપર પ્રશસ્તભાવ રાખનાર,

૪.બ્રહ્મવૃત્તમાં પ્રીતિમાન,

૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,

૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર.

૭. એકાન્તવાસને વખાણનાર,

૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી,

૯. આહાર–વિહાર–નિહારનો નિયમી,

૧૦. પોતાની ગુરુતા દબાવનાર,

–એવો કોઇપણ પુરુષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યક્દશાને પાત્ર છે. પહેલાં જેવું એક્કે નથી.

(શ્રીમદ્ રાજચંદ્ર, વર્ષ ૨૩મું)

# શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃત

## જન્મશતાબ્દિ-લેખમાળા ( ૭ )

( ૩૨૭ ) જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા છે, થાય છે અને થશે તેમને નમસ્કાર.

( ૩૨૮ ) જીવે વિકલ્પના વ્યાપાર કરવા નહીં.

( ૩૨૯ ) વિચારવાન અસદ્વિચારણા અને અકાર્ય કરતાં ક્ષોભ પામે. ( ઉપદેશ છાયા )

( ૩૩૦ ) જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી તેને સત્સુખનો વિયોગ છે. પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે.

( ૩૩૧ ) 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું' ( બીજી આવૃત્તિ, પૃ. ૧૦ )

( ૩૩૨ ) સર્વ પ્રાણીમાં સમદ્રષ્ટિ. ( પા.૨ )

( ૩૩૩ ) જીંદગી ટૂંકી છે અને જંજાળ લાંબી છે; માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જીંદગી લાંબી લાગશે. ( પૃ.૪ )

( ૩૩૪ ) પવિત્રતાનું મૂળ સદાચાર છે. ( પૃ.૪ )

( ૩૩૫ ) શુદ્ધ સચ્ચિદાનંદ કરુણામય પરમેશ્વરની ભક્તિ એ આજના તારા સુકૃત્યનું જીવન છે. ( ૬ )

( ૩૩૬ ) સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે. ( ૩૦ )

( ૩૩૭ ) વૈરાગ્ય એ જ અનંતસુખમાં લઇ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે. ( ૫૭ )

( ૩૩૮ ) આપત્તિકાળે પણ ધર્મનું દ્રઢપણું ત્યાગવું નહીં ( ૭૫ )

( ૩૩૯ ) વિનય કરવા યોગ્ય પુરુષોનો યથાયોગ્ય વિનય કરવો. ( ૭૬ )

( ૩૪૦ ) ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ. ( ૯૮ )

( ૩૪૧ ) મહાપુરુષનાં આચરણ જોવા કરતાં તેમનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે. ( ૧૨૯ )

( ૩૪૨ ) જ્યાં 'હું' માને છે ત્યાં તું નથી. ( ૧૩૦ )

( ૩૪૩ ) એકથી મૈત્રી કરીશ નહીં, કર તો આખા જગતથી કરજે.

( ૩૪૪ ) આ કાળમાં આટલું વધ્યું–ઝાઝા મત, ઝાઝા તત્ત્વજ્ઞાનીઓ, ઝાઝી માયા અને ઝાઝો પરિગ્રહવિશેષ. ( ૧૩૨ )

( ૩૪૫ ) તત્ત્વાભિલાષાથી મને પૂછો તો હું તમને નિરાગીધર્મ બોધી શકું ખરો. ( ૧૩૨ )

( ૩૪૬ ) શાંતસ્વભાવ એ જ સજ્જનતાનું ખરું મૂળ છે. ( ૨૧૧ )

( ૩૪૭ ) આત્મજ્ઞાન અને સજ્જનસંગત રાખવી. ( ૨૧૨ )

( ૩૪૮ ) જે કોઇ તમને ધર્મનિમિત્તે ઇચ્છે તેનો સંગ રાખો. ( ૨૧૭ )

( ૩૪૯ ) જેને લાગી છે તેને જ લાગી છે, અને તેણે જ જાણી છે; તે જ "પિયુ પિયુ" પોકારે છે. ( ૨૪૨ ) ( પિયુ એટલે પ્રિય એવો આત્મા. )

( ૩૫૦ ) ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો–એ યોગીનું લક્ષણ નથી. ( ૨૪૯ )

( ૩૫૧ ) જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કાંઇ આચરે નહિ, પણ રૂડું હોય તે જ આચરે. ( પા. ૨૫૬ )

( દરેક વચનામૃતના છેડે જે નંબર લખેલ છે તે બાલબોધ ટાઇપવાળી બીજી આવૃત્તિનાં પૃષ્ઠના છે. )

( ૩૫૨ ) અપૂર્વ પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે. જેનાથી પ્રાપ્ત થાય છે તેનું સ્વરૂપ ઓળખવું દુર્લભ છે; અને જીવને ભૂલવણી પણ એ જ છે. ( ૨૫૮ )

( ૩૫૩ ) ગમે તેટલી વિપત્તિઓ પડે તથાપિ જ્ઞાની દ્વારા સાંસારિક ફળની ઇચ્છા કરવી યોગ્ય નથી. ( ૨૮૩ )

( ૩૫૪ ) ઉદય જોઈને ઉદાસપણું ભજશો નહિ.

( ૩૫૫ ) જ્ઞાની પાસે જ્ઞાન ઇચ્છવું તે કરતાં બોધસ્વરૂપ સમજી ભક્તિ ઇચ્છવી એ પરમ ફળ છે. ( ૩૧૦ )

( ૩૫૬ ) સંસારમાં સુખ શું છે– કે જેના પ્રતિબંધમાં જીવ રહેવાની ઇચ્છા કરે છે ! ( ૩૧૫ )

( ૩૫૭ ) જેને વિષે પરમાર્થધર્મની પ્રાપ્તિનાં કારણો પ્રાપ્ત થવા અત્યંત દુષમ થાય તે કાળને તીર્થંકરદેવે દુષમ કહ્યો છે. ( ૩૨૩ )

( એટલે આ કાળમાં પણ જેણે પરમાર્થધર્મની પ્રાપ્તિનાં કારણ મેળવી લીધા તેને માટે દુષમકાળ નથી રહેતો, તેને માટે તો ધર્મકાળ છે. જ્યારે ધર્મ કરે ત્યારે ધર્મકાળ. )

(૩૫૮) પરમાર્થ માર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, –સુખે અથવા દુઃખે. (૩૩)

(૩૫૯) જે કુળને વિષે જન્મ થયો છે, અને જેના સહવાસમાં જીવ વસ્યો છે, ત્યાં અજ્ઞાની એવો આ જીવ મમતા કરે છે, અને તેમાં નિમગ્ન રહ્યા કરે છે. (પા. ૩૪૮)

(૩૬૦) અજ્ઞાનથી સદ્વિવેક પામવો દુર્લભ છે–એમ સમજો.

(૩૬૧) પ્રતિકૂળ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણસમીપનું સાધન છે. (૩૫૧)

(૩૬૨) અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર. (૩૫૧)

(૩૬૩) અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંતવીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો. (વચનામૃત : ૨૧, વર્ષ ૧૯)

(૩૬૪) નિર્ગ્રંથતા ધારણ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરજો; એ લઇને ખામી આણવા કરતાં અલ્પારંભી થજો. (પૃ. ૧૩૦)

(૩૬૫) સ્ત્રીના સ્વરૂપ પર મોહ થતો અટકાવવાને વગર ત્વચાનું તેનું રૂપ વારંવાર ચિંતવવા યોગ્ય છે. (પૃ. ૧૩૦)

(૩૬૬) રડાવીને પણ બચ્ચાંના હાથમાં રહેલો સોમલ લઇ લેવો. (પૃ. ૧૩૦)

(૩૬૭) નિર્મળ અંતઃકરણથી આત્માનો વિચાર કરવો યોગ્ય છે. (પૃ. ૧૩૦)

(૩૬૮) સત્જ્ઞાન અને સત્શીળને સાથે દોરજે. (પૃ. ૧૩૦)

(૩૬૯) આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સૂવાય. (પૃ.૫)

(૩૭૦) આજનો દિવસ સોનેરી છે, પવિત્ર છે, કૃતકૃત્ય થવા રૂપ છે, એમ સત્પુરુષોએ કહ્યું છે; માટે માન્ય કર. (પૃ.૫)

(૩૭૧) જેની પ્રત્યક્ષદશા જ બોધરૂપ તે મહત્પુરુષને ધન્ય છે. (૩૭૪)

(૩૭૨) સિદ્ધાંતનો વિચાર ઘણા સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્તવ્ય છે. (૩૭૬)

(૩૭૩) જ્ઞાનસ્વરૂપપણું એ આત્માનું મુખ્ય લક્ષણ છે, અને તેના અભાવવાળું મુખ્ય લક્ષણ જડનું છે. તે બંનેના અનાદિ સહજ સ્વભાવ છે. (૩૯૦)

(૩૭૪) દેહ છે તે જીવને વેષધારીપણું છે, સ્વરૂપપણું નથી. (૩૯૨)

(૩૭૫) જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય એવો જે આર્ય (ઉત્તમ) માર્ગ તેને આર્યધર્મ કહે છે, અને એમ જ યોગ્ય છે. (૩૯૨)

(૩૭૬) જે ધર્મ સંસારપરિક્ષીણ કરવામાં સર્વથી ઉત્તમ હોય અને નિજસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય તે જ ઉત્તમ, અને તે જ બળવાન છે. (૩૯૨)

(૩૭૭) જિને કહેલા સર્વ પદાર્થના ભાવો એક આત્મા પ્રગટ કરવાને અર્થે છે. (૪૧૧)

(૩૭૮) જે પ્રકારે અસંગતાએ આત્મભાવ સાધ્ય થાય તે પ્રકારે પ્રવર્તવું એ જ જિનની આજ્ઞા છે. (૪૧૨)

(૩૭૯) સમસ્ત સંસાર મૃત્યુ આદિ ભયે અશરણ છે, તે શરણનો હેતુ થાય એવું કલ્પવું તે મૃગજળ જેવું છે. (૪૧૫)

(૩૮૦) જન્મ–જરા–મરણાદિ દુઃખે કરી સમસ્ત સંસાર અશરણ છે. સર્વ પ્રકારે જેણે તે સંસારની આસ્થા તજી તે જ નિર્ભય થયા છે, અને આત્મભાવને પામ્યા છે. (૪૧૮)

(૩૮૧) આત્મા અત્યંત સહજ સ્વસ્થતા પામે એ જ સર્વજ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે. (૪૨૭)

(૩૮૨) આત્મામાં જે સમર્થપણું છે તે સમર્થપણા પાસે એ સિદ્ધિ–લબ્ધિનું કાંઇ વિશેષપણું નથી. (૪૩૧)

(૩૮૩) જે તીર્થંકરે જ્ઞાનનું ફળ વિરતિ કહ્યું છે તે તીર્થંકરને અત્યંત ભક્તિએ નમસ્કાર હો. (૪૩૨)

(૩૮૪) સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ મોક્ષ કહે છે. (૪૩૨)

(૩૮૫) સુખને ઇચ્છતો ન હોય તે નાસ્તિક, કાં સિદ્ધ, કાં જડ. (૪૪૯)

(૩૮૬) સર્વ કાર્યમાં કર્તવ્ય માત્ર આત્માર્થ છે, એ સંભાવના નિત્ય મુમુક્ષુ જીવે કરવી યોગ્ય છે. (૪૫૭)

(૩૮૭) દેહધારી છતાં નિરાવરણજ્ઞાનસહિત વર્તે છે, એવા મહા પુરુષોને ત્રિકાળ નમસ્કાર. (૪૫૯)

# ભેદજ્ઞાન તે જ મોક્ષનો ઉપાય છે

( સુરેન્દ્રનગર-વઢવાણ-જોરાવરનગરના પ્રવચનોમાંથી
વીર સં. ૨૪૯૪, ચૈત્ર વદ ત્રીજ થી તેરસ )

( સમયસાર-કર્તાકર્મ અધિકાર શરૂઆતથી )

આત્મા દેહથી ભિન્ન, જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. સર્વજ્ઞ પરમાત્મા થયા તે કયાંથી થયા? –આત્મામાં જ પૂર્ણ જ્ઞાનસ્વભાવ છે તેનું ભાન કરીને તેમાં લીનતા વડે આત્મા પોતે સર્વજ્ઞ પરમાત્મા થાય છે. એવા સર્વજ્ઞ અનાદિકાળથી થતા આવે છે. વિદેહક્ષેત્રમાં અત્યારે સીમંધર પરમાત્મા વગેરે સર્વજ્ઞ અરિહંત ભગવંતો બિરાજે છે. તેમનો દિવ્યધ્વનિ ઝીલીને, સાક્ષાત્ સાંભળીને અને અનુભવીને, કુંદકુંદાચાર્યદેવે આ સમયસાર શાસ્ત્ર રચ્યું છે. તેમાં આ કર્તાકર્મ અધિકાર દ્વારા અલૌકિક ભેદજ્ઞાન કરાવ્યું છે.

પોતાનું સ્વરૂપ ભૂલીને જીવ જ્ઞાનથી વિરુદ્ધ એવા શુભાશુભ પરભાવો સાથે તથા દેહાદિ જડ સાથે કર્તાકર્મપણું માને છે. હું કર્તા ને રાગ મારું કાર્ય, હું કર્તા ને દેહની ક્રિયા મારું કાર્ય–એમ અજ્ઞાનથી માનીને જીવ સંસારમાં રખડી રહ્યો છે. ચિદાનંદ સ્વરૂપ હું છું, જ્ઞાન જ મારું કાર્ય છે, ને રાગાદિ પરભાવ મારાથી ભિન્ન છે–એમ બંનેનું ભેદજ્ઞાન કરીને, રાગાદિ સાથે કર્તાકર્મપણાની મિથ્યાબુદ્ધિનો જેણે નાશ કર્યો અને રાગરહિત જ્ઞાન ભાવરૂપ થયા, તથા કર્મનો નાશ કરીને મોક્ષપદ પામ્યા, એવા સિદ્ધાલયમાં બિરાજમાન સિદ્ધભગવંતોને મંગળરૂપે યાદ કરીને નમસ્કાર કરીએ છીએ. –શા માટે? કે તેમની જેમ પોતાના આત્મામાંથી પણ પરભાવો સાથે કર્તાકર્મપણાની બુદ્ધિરૂપ જે મિથ્યામદ, તેનો નાશ કરવા માટે; જુઓ, આ સિદ્ધપદનો ઉપાય. જ્ઞાન અને રાગની એકતાબુદ્ધિ તે અનંતાનુબંધી મદ છે, ને જ્ઞાન અને રાગના ભેદજ્ઞાન વડે તેનો નાશ થઈને સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે. તે મોક્ષનો માર્ગ છે, તે ધર્મ છે.

અનાદિની જે અજ્ઞાનપ્રવૃત્તિ છે તે ભેદજ્ઞાનવડે જ મટે છે, બીજો કોઈ તેનો ઉપાય નથી. શુભરાગની ક્રિયા કરતાં–કરતાં અજ્ઞાન મટે એમ બનતું નથી. રાગની ક્રિયા

તે આત્માના જ્ઞાન માટે બેકાર છે. રાગને કરું એવી કર્તૃત્વબુદ્ધિમાં તો આકુળતા છે, ને જ્ઞાન તો ધીરૂં છે, નિરાકુળ છે. બંનેની જાત જ જુદી છે. રાગના કર્તૃત્વમાં અટકવાનો જ્ઞાનનો સ્વભાવ નથી, જ્ઞાનનો સ્વભાવ તો લોકાલોકને જાણવાનો છે. જે રાગના કર્તૃત્વમાં રોકાઈ જાય છે તે જ્ઞાન લોકાલોકને જાણી શકતું નથી; આ રીતે રાગ તે તો જ્ઞાનથી વિરુદ્ધભાવ છે.

રાગના કર્તૃત્વરૂપ જે કરોતિક્રિયા તે અજ્ઞાનીની ક્રિયા છે, જ્ઞાનથી વિરુદ્ધ છે, તેથી મોક્ષમાર્ગમાં તે ક્રિયાનો નિષેધ છે. જ્યાં રાગના કર્તૃત્વરૂપ કરોતિક્રિયા છે ત્યાં મોક્ષમાર્ગ હોતો નથી. શુભરાગ કરીને મેં કાંઈક ધર્મ કર્યો–એમ અજ્ઞાની તેમાં રોકાઇ જાય છે ને જ્ઞાનસ્વભાવથી વિમુખ થાય છે, તે જીવ અજ્ઞાનબુદ્ધિને લીધે ચારગતિમાં અવતાર કરી–કરીને દુઃખી થાય છે.

જ્ઞાન તો આત્માનું સ્વરૂપ છે, પણ રાગાદિ તે આત્માનું સ્વરૂપ નથી; છતાં જ્ઞાન અને રાગના તફાવતને અજ્ઞાની જાણતો નથી, એટલે જ્ઞાન અને રાગાદિ બધું જાણે એકમેક હોય એમ તે પરભાવોમાં તન્મયપણે વર્તે છે. જ્ઞાન તો સ્વભાવભૂત છે, ને રાગાદિ પરભાવભૂત છે. –આમ બંનેની અત્યંત ભિન્નતા છે. જ્ઞાનમાં રાગાદિ જણાય ત્યાં, હું જ્ઞાન કર્તા ને રાગાદિ મારું કર્મ–એમ અજ્ઞાની રાગની ક્રિયાપણે પરિણમે છે, એનું નામ અજ્ઞાનમય પ્રવૃત્તિ છે, અને તે જ બંધનું કારણ છે. જ્યાંસુધી અજ્ઞાનમયપ્રવૃત્તિ છે ત્યાંસુધી જીવ સંસારમાં રખડે છે. રાગથી ભિન્ન હું તો જ્ઞાનમાત્ર છું, જ્ઞાનક્રિયામાં રાગક્રિયા નથી, ને રાગક્રિયામાં જ્ઞાનક્રિયા નથી–એમ અત્યંત ભિન્નતા જાણીને જીવ જ્યારે જ્ઞાનમાત્રભાવપણે પરિણમે છે ત્યારે રાગના અંશને પણ તે પોતામાં ભેળવતો નથી, એટલે તેને કર્મબંધન પણ થતું નથી; તેથી તે જીવ કર્મોથી છૂટે છે. આ રીતે ભેદજ્ઞાન તે જ મોક્ષનો ઉપાય છે.

જુઓ ભાઈ! જન્મ–મરણથી છૂટવું હોય તો આ વાત સમજ્યે છૂટકો છે. આત્માનું પોતાનું સ્વરૂપ શું છે તે સમજ્યા વગર દુઃખથી છૂટકારો કોઇ રીતે થાય નહિ.

આત્મા દેહથી ભિન્ન શાશ્વત તત્ત્વ છે; તે સંયોગથી ભિન્ન છે; તે ઉત્પન્ન થયેલો નથી ને કદી નાશ પણ થતો નથી. તે આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે; તે જડદેહરૂપે નથી ને રાગરૂપ પણ નથી. પુણ્ય–પાપથી ભિન્ન ને આનંદ સાથે એકરૂપ એવો જે પોતાનો આત્મસ્વભાવ તેની વાતનું યથાર્થ લક્ષપૂર્વક શ્રવણ જીવે કદી કર્યું નથી. પોતાના

સ્વરૂપને ભૂલીને અનંતકાળથી જીવ ચાર ગતિમાં ભ્રમણ કરી રહ્યો છે. દેવગતિનાય અવતાર અનંતવાર કર્યા ને નરકગતિના અવતાર પણ અનંતવાર કર્યા. ભલે, એને એની ખબર નથી; જેમ માતાના પેટમાં હતો ને છ માસનો બાળક હતો તે વખતે શું હતું તેની જીવને ખબર નથી, પણ તેથી કાંઇ તે વસ્તુ મટી ન જાય; તેમ પૂર્વે અનંતકાળમાં અનંત અવતાર અજ્ઞાનભાવે જીવે કર્યા છે; અત્યારે ખબર ન હોય તેથી શું? પૂર્વે કયાંક રહ્યો તો હશે ને? તો કયાં રહ્યો? મોક્ષમાં ને પૂર્ણાનંદમાં રહ્યો હોય તો ફરીને અવતાર ન હોય. મોક્ષમાં તો ગયો નથી, સંસારમાં જ રહ્યો છે; સંસાર એટલે ચારે ગતિ, તે આત્માના સ્વભાવથી વિરુદ્ધ છે. આત્માના સ્વભાવરૂપ ભાવથી ચાર ગતિ ન મળે; ચારે ગતિ તે વિભાવનું ફળ છે.

આત્માનો સ્વભાવ તો જ્ઞાનને આનંદમય છે. જેમ સૂર્યનો પ્રકાશ–સ્વભાવ છે, તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ છે. તે જ્ઞાનમાં જ્ઞાન જ છે, તે જ્ઞાનમાં રાગ નથી. જ્ઞાનનું જ્ઞાનરૂપ થવું તે આત્માનો સ્વભાવ છે. પુણ્ય–પાપના ભાવો તે મલિન–આસ્રવો છે, તે નિર્મળ જ્ઞાનરૂપ નથી. જેમ શેવાળ તે પાણીનું નિર્મળસ્વરૂપ નથી પણ મેલ છે; તેમ રાગાદિ પરભાવો તે ચૈતન્યનું નિર્મળસ્વરૂપ નથી પણ પરભાવરૂપી મેલ છે. તે મેલપણે જ અજ્ઞાની પોતાને અનુભવે છે, પણ ભગવાન મહિમાવંત શુદ્ધચૈતન્યતત્ત્વને અનુભવતો નથી. ભાઈ, તારું ખરું સ્વરૂપ તો રાગ વગરનું નિર્મળ છે. નિર્મળ જ્ઞાનભાવ, અને રાગાદિ પરભાવ એ બંનેનું ભેદજ્ઞાન કર. તારા ચૈતન્યતત્ત્વને જાણ્યા વગર તારી રખડપટ્ટીના આરા નહિ આવે.

આ મનુષ્યપણું અનંતકાળે મોંઘું એવું તને પ્રાપ્ત થયું. તે મનુષ્યપણામાં પણ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માના ધર્મનું શ્રવણ મહા દુર્લભ છે. પ્રસન્નતાપૂર્વક ચૈતન્યસ્વરૂપના પ્રેમથી તેની વાત પણ જેણે સાંભળી છે તે જીવ અલ્પકાળમાં અવશ્ય મુક્તિ પામે છે. ઇન્દ્રો સ્વર્ગમાંથી જે વાત સાંભળવા માટે નીચે મનુષ્યલોકમાં ઊતરે, એવું આ ધર્મશ્રવણ જીવને દુર્લભ છે. રાગથી ભિન્ન ચૈતન્યનું શ્રવણ કરીને, બંનેનું ભેદજ્ઞાન કરીને, રાગથી જુદા ચૈતન્યને અનુભવવો તે અપૂર્વ ધર્મ છે.

**પોતાનું સ્વરૂપ સમજતાં અનંત સુખ થાય ને દુઃખ મટે.**
**સ્વરૂપ સમજ્યા વગર દુઃખ મટે નહિ ને સુખ થાય નહિ.**

ભાઈ, અનંતકાળ સ્વરૂપ સમજ્યા વિના ચાલ્યો ગયો. હવે તો ચૈતન્યની પ્રીતિ કરીને તેની સમજણ કર. આ એવી વાત નથી કે તને ન સમજાય. પણ પહેલેથી 'આ મને નહિ સમજાય' એમ માનીને સમજવાની જિજ્ઞાસા જ છોડી દે તો કયાંથી સમજાય?

બીજી વેપારધંધાની ને બહારની વાતમાં કેવો ઉત્સાહથી રસ લ્યે છે? ત્યાં નહિ સમજાય એમ માનીને છોડી દેતો નથી,–કેમકે તેની રુચિ ને પ્રેમ છે. તેમ આત્મા પોતે ચૈતન્યવસ્તુ છે, તેને પોતાનું સ્વરૂપ સમજવા માટે અંતરમાં પ્રેમ–રુચિ ને ઉત્સાહ હોય તો જરૂર સમજાય તેવું છે. પોતાનું સ્વરૂપ પોતાથી ગુપ્ત રહે એ કેમ બને? પોતે પોતાને સ્વસંવેદન–પ્રત્યક્ષ થાય એવો સ્વભાવ છે. પણ રાગવડે તે કદી અનુભવમાં ન આવે. અંતરની જ્ઞાનક્રિયાવડે જ અનુભવમાં આવે એવો આત્મા છે. [ -स्वानुभूत्या चकासते ]

જ્ઞાનસ્વરૂપ આત્માને માથે રાગના કર્તૃત્વનો બોજો નાંખવો તે તેનો અનાદર કરવા જેવું છે. નિર્દોષ જ્ઞાનને વિકારી–રાગી માનવું તેમાં જ્ઞાનની અરુચિ છે, તેને પોતાના આત્માના સ્વભાવ ઉપર ક્રોધ છે.( સ્વભાવની અરુચિ તે જ ક્રોધ. ) જ્યાં રાગની રુચિ છે, રાગનું કર્તૃત્વ છે ત્યાં આત્માનું જ્ઞાન હોતું નથી. ચૈતન્યના અતીન્દ્રિય આનંદમય સ્વાદને ભૂલીને અજ્ઞાની રાગના સ્વાદમાં મોહાઇ ગયો છે, રાગ જ હું છું એમ તે અનુભવે છે, રાગથી જુદું પોતાનું સ્વરૂપ તેને ભાસતું નથી. તેને સર્વજ્ઞભગવાન અને સન્તો સમજાવે છે કે અરે જીવ! જ્ઞાનને અને રાગને એકવસ્તુપણું નથી પણ ભિન્નપણું છે. જ્ઞાનના અનુભવમાં રાગનો અંશમાત્ર ભાસતો નથી. આવા જ્ઞાનસ્વરૂપ પોતાના આત્માને જે અનુભવે છે તે રાગાદિ આસ્રવોને પોતાથી તદ્દન ભિન્ન દેખે છે એટલે તેની સાથેના કર્તાકર્મની પ્રવૃત્તિ તેને છૂટી જાય છે. આમ થતાં અજ્ઞાનથી થતું કર્મબંધન પણ તેને છૂટી જાય છે. આ રીતે જ્ઞાનભાવવડે કર્મબંધનથી છૂટીને જીવ મુક્તિ પામે છે. આ પ્રમાણે ભેદજ્ઞાનરૂપ જ્ઞાનચેતના તે મોક્ષનો ઉપાય છે.

અમુક માણસને રોજની કરોડો–અબજોની પેદાશ છે એમ સાંભળતાં અંદરથી 'ઓહો!' એમ મહિમા આવી જાય છે કેમકે તેનો પ્રેમ છે; તેમ પોતાના ચૈતન્યનો સ્વભાવ સાંભળતા અંદર ઊંડેથી તેના મહિમાપૂર્વક 'ઓહો! આવો મારો આત્મા!' એમ મહિમા લાવીને ઊછળી જાય તો અંતર્મુખ દશા થઈને આત્માનો અનુભવ કરે. જેની રુચિ હોય તે તરફ પરિણમન થાય છે. પરથી ભેદજ્ઞાન કરીને પોતાના સ્વભાવ તરફ પરિણમવું તેમાં જીવની શોભા છે...પોતાની પ્રભુતાવડે જીવની શોભા છે. પરવસ્તુવડે કે પરભાવવડે પોતાની શોભા માનવી તે તો હીનતા છે–દીનતા છે –અજ્ઞાન છે.

રાજા તેને કહેવાય કે જે ચૈતન્યના અનંતગુણ–સામ્રાજ્યનો સ્વામી થઇને વીતરાગપણે શોભે. જડનો સ્વામી થવા જાય તે તો ગુન્હેગાર છે, ને તે સંસારની જેલમાં પુરાય છે. –એને તે 'રાજા' કોણ કહે? જે પોતાના સુખને માટે પરવસ્તુ માંગે છે તે

તો માંગણ છે. મારું સુખ મારામાં છે, મારા અનંતગુણનું સ્વ-રાજ મારામાં છે, તેમાં પરવસ્તુના અંશની પણ જરૂર નથી-એમ નિજગુણના આનંદને સ્વાધીનપણે અનુભવનારા જ્ઞાની ધર્માત્મા તે મોટા ચક્રવર્તી છે.

ભાઇ, આ તો અરિહંતોનો ને તીર્થંકરોનો માર્ગ છે. વીતરાગનો માર્ગ એ તો વીરનો માર્ગ છે. એમાં કાયરનું કામ નથી; કાયર એટલે શુભરાગ વિના ને દેહની ક્રિયા વિના મારે ન ચાલે એવી પરાધીનબુદ્ધિવાળા જીવો વીતરાગના માર્ગમાં ચાલી શકતા નથી-'હરિનો મારગ છે શૂરાનો, પ્રભુનો મારગ છે શૂરાનો, કાયરનું નહિ કામ જો..' મારા ચૈતન્યને પરની ઓશિયાળ નથી, રાગની ઓશિયાળ નથી-એવી સ્વાધીનદૃષ્ટિરૂપ શૂરવીરતા વડે મોક્ષમાર્ગ સધાય છે.

જેમ શ્રીફળમાં ચાર વસ્તુ છે- (૧) ઉપરના સ્થૂળ છોલાં; (૨) કાચલી; (૩) ટોપરા ઉપરની રાતી છાલ, અને (૪) અંદર સફેદ મીઠો ગોળો. તેમ જ્ઞાન-આનંદથી ભરેલ શ્રીફળ જેવો આ ભગવાન આત્મા, બહારના છોતા જેવા દેહાદિ સંયોગોથી જુદો છે; આઠકર્મરૂપી કાચલાથી પણ જુદો છે; ને અંદર રાગાદિ પરભાવરૂપી જે છાલ તેનાથી પણ જુદો શુદ્ધ જ્ઞાન ને આનંદરસથી ભરેલો, અસંખ્યપ્રદેશી ચૈતન્યગોળો તે આત્મા છે.

આવા આત્માની ઓળખાણ કરીને જ્યાં સમ્યગ્જ્ઞાનરૂપે જીવ પરિણમ્યો ત્યાં તે જ્ઞાનની સાથે ક્રોધાદિ વર્તતા નથી; ક્રોધાદિ તો જ્ઞાનથી ભિન્નરૂપે જ વર્તે છે. જ્ઞાન થાય ને તેમાં રાગનું કર્તૃત્વ પણ રહે એમ બને નહિ, કેમકે બંને વસ્તુ જુદી છે. જડ ને ચેતન કદી એક થતા નથી, તેમ જ્ઞાનભાવ અને રાગભાવ પણ કદી એક થતા નથી, બંનેનાં લક્ષણ જુદા છે. આમ બંનેના ભિન્ન લક્ષણવડે ભિન્નતા જાણતાં જીવ જ્ઞાનમયભાવમાં જ તન્મયપણે પરિણમે છે ને વિકારમાં તન્મયપણે પરિણમતો નથી. તે-તે કાળે વર્તતા રાગના જ્ઞાનરૂપે પરિણમે છે, તે જ્ઞાનનું કર્તૃત્વ જ્ઞાનીને છે, પણ રાગનું કર્તૃત્વ જ્ઞાનીને નથી. જેમ ગોળનું પરિણમન ગોળરૂપ હોય, કાળીજીરીરૂપ ન હોય, તેમ જ્ઞાનનું પરિણમન જ્ઞાનરૂપ હોય, જ્ઞાનનું પરિણમન રાગરૂપ ન હોય. જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે ને રાગ તે તો પરભાવ છે. તેમને કર્તાકર્મપણું નથી. એમ ઓળખીને રાગનો અકર્તા થઈ જ્ઞાનભાવપણે જ પરિણમતા જ્ઞાનીને બંધન થતું નથી. આ રીતે જ્ઞાનભાવવડે બંધનો નિરોધ થાય છે, એટલે કે ભેદજ્ઞાન તે મોક્ષમાર્ગ છે.

(આ પ્રવચનોના બીજા ભાગ માટે જુઓ, પાનું ૨૯)

## વીતરાગમાર્ગમાં વીતરાગભાવનું કર્તૃત્વ જ શોભે છે.

અહો, વીતરાગમાર્ગમાં વીતરાગદેવે વીતરાગસ્વરૂપ ચૈતન્યતત્ત્વ બતાવ્યું છે, તેના અવલંબને વીતરાગપર્યાય પ્રગટે છે, તે સિવાય બીજો માર્ગ નથી. તેની રુચિ અને સમજણ પણ જે ન કરે તેને વીતરાગમાર્ગ કયાંથી હાથ આવે? અનંતકાળથી પોતાની ખોજ પોતે પોતામાં ન કરતાં પરમાં ખોજ કરી કરીને કાળ ગુમાવ્યો. જાણે બીજો મારું કાર્ય કરી દેશે–એમ પરની સામે જોયા કર્યું. ભાઇ! તારું સ્વકાર્ય કરવાની શક્તિ તારામાં જ છે. બીજા કોઇના કારણ વગર તું પોતે સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીની તારી દશાનો કર્તા થઇને પરિણમ–એવી સ્વાધીનપ્રભુતા તારા આત્મામાં છે. તારી પ્રભુતા વડે તું જ તારા કાર્યનો કર્તા છો. આવી પ્રભુતા જાણે તે પોતાની પર્યાયમાં બીજાનું કર્તૃત્વ માને નહિ, ને પોતે બીજાનો કર્તા થવાનું માને નહિ; નિર્મળ પર્યાયના કર્તૃત્વપણે જ તેનું પરિણમન થાય.

અહો, ચૈતન્યનો પંથ સ્વતંત્ર નીરાળો છે. નિમિત્તો હો, વ્યવહારના વિકલ્પો હો, પણ તેઓ કાંઇ જ્ઞાનપર્યાયના કર્તા નથી. જ્ઞાન–દર્શન–ચારિત્ર–આનંદ વગેરે નિર્મળભાવોનું કર્તૃત્વ ધર્મીના આત્મામાં છે; વસ્તુસ્વરૂપથી આત્મા પોતે તેનો કર્તા છે. અહો, વીતરાગી મોક્ષમાર્ગમાં રાગરહિત ચારિત્રપર્યાય કોઇ અલૌકિક છે; કયાં એ ચારિત્રપર્યાય, ને કયાં વિકલ્પ! દેહની નગ્નદશા કે વિકલ્પો તે કાંઇ વીતરાગચારિત્ર- દશાના કર્તા નથી. છતાં તેવી ચારિત્રદશા વખતે બહારમાં જો નિમિત્તો હોય તો તેવા જ હોય, પણ તે નિમિત્તોનું કર્તૃત્વ ધર્મીના આત્મામાં નથી, ધર્મીના આત્મામાં તો નિર્મળભાવનું જ કર્તૃત્વ છે. જ્ઞાનના પરિણમનમાં જેટલા ભાવો સમાય તેમનું જ કર્તૃત્વ ધર્મીને છે; જ્ઞાનથી બહારના કોઇ ભાવોનું કર્તૃત્વ ધર્મીને નથી. હે ભાઈ! જો તું પરભાવોના કર્તૃત્વમાં અટકીશ તો તેનાથી રહિત એવા નિર્મળભાવને કયારે કરીશ? અરે, તું ચૈતન્ય, તારા ચૈતન્યકાર્યને ચૂકીને પરનો ને વિકારનો કર્તા થવા કયાં જાય છે? અંતર્મુખ થઇને તારા નિર્મળ જ્ઞાનભાવનો કર્તા થા...ને! નિર્મળભાવના સ્વાધીન કર્તૃત્વપણે તારો આત્મા શોભે છે. તારા નિર્મળભાવનું કર્તૃત્વ બીજા કોઇમાં નથી.

-"આત્મવૈભવ"

# સાચા જ્ઞાનનું જ સાચું ફળ આવે છે

[ ખોટા જ્ઞાનનું સાચું ફળ આવતું નથી, માટે પહેલાં આત્માનું સાચું જ્ઞાન કરવું જોઇએ. ]

અનંત શક્તિમાન આત્મા છે, તેની પ્રાપ્તિ માટે એટલે કે તેના અનુભવ માટે તેનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ; તેમાં ઉત્સાહ હોવો જોઇએ. તે ચૈતન્યસ્વભાવ તરફના ઉત્સાહના જોરથી પરિણામ તેમાં એકાગ્ર થતાં વિકલ્પ તૂટી જાય છે ને નિર્વિકલ્પ અનુભવ થાય છે. જેમ હીરો જેને લેવો હોય તે તેની કિંમત સમજે છે ને હીરાની પરીક્ષા કરે છે. હીરાને બદલે લીંબોડી કે કાચનો કટકો લઇ લેતો નથી; તેમ જેને ચૈતન્યચિંતામણિ પ્રાપ્ત કરવો હોય તેણે જ્ઞાનીના ઉપદેશ અનુસાર તેની કિંમત સમજવી જોઈએ, તેની અનંત શક્તિની તાકાતનો મહિમા જાણવો જોઇએ ને અંતરના વેદનથી પરીક્ષા કરીને તેનું સ્વરૂપ સમજવું જોઇએ. જડને કે રાગને ચૈતન્યસ્વરૂપ માની લ્યે તો સાચું આત્મસ્વરૂપ સમજાય નહિ. કોઇ લીંબોડીને નીલમણિ માની લ્યે તો? તેમ કોઇ જીવ રાગને જ આત્મા માની લ્યે તો? –તો તે ઊંધી માન્યતાનું સાચું ફળ આવે નહિ. ઝેરને કોઇ સાકર માનીને ખાય તેથી કાંઇ તે મીઠું ન લાગે, કડવું જ લાગે. તેમ વિકારને કોઇ આત્મસ્વરૂપ માનીને વેદે તો તેથી કાંઇ તેને આત્માની શાંતિ વેદનમાં ન આવે. આકુળતા જ વેદાય. માટે યથાર્થ આત્મસ્વરૂપ જેમ છે તેમ બરાબર જાણવું જોઈએ. સાચા જ્ઞાનનું જ સાચું ફળ આવે છે. સર્વજ્ઞ ભગવાને જેવો આત્મા કહ્યો તેવો આત્મા જાણ્યા વગર સમ્યગ્દર્શન થાય નહિ, ને સમ્યક્ચારિત્ર પણ હોય નહિ. –કેમકે પોતાનું સ્વરૂપ જાણ્યા વગર ઠરશે શેમાં? ને સ્વરૂપમાં ઠર્યા વગર મુક્તિ થાય નહિ.

**પૂર્ણ સુખ મોક્ષ વગર નહિ.**

**મોક્ષદશા ચારિત્ર વગર નહિ.**

**ચારિત્રદશા સમ્યક્ત્વ વગર નહિ.**

**સમ્યક્ત્વ શુદ્ધઆત્માની ઓળખાણ વગર નહિ.**

–માટે મોક્ષાર્થીએ અત્યંત ઉદ્યમપૂર્વક શુદ્ધ આત્માનું વાસ્તવિક સ્વરૂપ પહેલાં જાણવું જોઇએ. **('આત્મવૈભવ' પુસ્તક વાંચો)**

# ભગવાન આત્માનું જ્ઞાન થતાં જ આસ્રવો છૂટી જાય છે.

[ સુરેન્દ્રનગર-વઢવાણ શહેર-જોરાવરનગરના પ્રવચનોમાંથી ]

( સમયસાર-કર્તાકર્મ અધિકાર )

**વીર સં. ૨૪૯૪, ચૈત્ર વદ ત્રીજ થી તેરસ**

સર્વજ્ઞદેવે આત્માને 'ભગવાન' કહ્યો છે કેમકે તે પોતે મહિમાવંત પદાર્થ છે. આવો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેને જ્ઞાનમાત્ર ભાવમાં બંધન નથી, વિકાર નથી, મલિનતા નથી. અશુભ પાપરાગ, કે શુભ પુણ્યરાગ–તે બંને મલિન બંધભાવ છે, તે ચેતના વગરના હોવાથી જડ છે, તે પોતે પોતાને કે બીજાને જાણતા નથી. અને આત્મા તો સ્વયંપ્રકાશી સ્વ–પરને જાણનાર ચેતનસ્વભાવી છે. આમ બંનેની ભિન્નતાનું જ્ઞાન થતાંવેંત જ આત્મા તે રાગાદિ આસ્રવોને પારકા જાણીને તત્ક્ષણે તેનાથી પાછો વળે છે, તેનાથી જુદો પડીને જ્ઞાનભાવપણે પરિણમે છે; એટલે તેને બંધન થતું નથી. પહેલાં રાગમાં વહાલપ હતી, તેને બદલે ઓળખાણ થતાં હવે પોતાનું જ્ઞાન જ વ્હાલું લાગ્યું. હું તો જ્ઞાન જ છું, જ્ઞાનથી અન્ય કોઇ ભાવ હું નથી,–આવું ભેદજ્ઞાન તે જ બંધથી છૂટવાનું કારણ છે.

આત્મા અને રાગાદિ જુદા છે.–કઈ રીતે? તે દ્રષ્ટાન્તથી સમજાવે છે. જેમ પાણીમાં ઉપર શેવાળ છે તે પાણી નથી, પાણી તો શેવાળથી જુદું સ્વચ્છ છે; પાણી તો સ્વચ્છ છે ને શેવાળ તે મેલ છે, બંને જુદા છે. તેમ રાગાદિ આસ્રવભાવો તે આત્માના ચૈતન્યસ્વભાવથી જુદા છે, રાગાદિ તે ચૈતન્યભાવ નથી, ચૈતન્યતત્ત્વ તો રાગથી જુદું સ્વચ્છ સ્વ–પરપ્રકાશક છે. તે પવિત્ર છે ને રાગાદિ તો મેલ છે; એમ બંનેની ભિન્નતા છે.

આત્મા ચૈતન્યસ્વભાવપણે અનુભવાય છે. રાગાદિક ભાવો તે ચૈતન્યપણે નથી અનુભવાતા પણ મેલપણે આકુળ સ્વાદરૂપે અનુભવાય છે. આત્માના અનુભવમાં

આકુળતા ન હોય, આત્માનો અનુભવ તો પરમ શાંત આનંદરૂપ છે.–એમ રાગથી ભિન્નપણે આત્માનો અનુભવ જ્ઞાનવડે થાય છે. આવી ભિન્નતા જે જ્ઞાને જાણી તે જ્ઞાન રાગાદિ સાથે એકતા કરતું નથી પણ તેને પોતાથી ભિન્ન જ જાણે છે. એટલે તે જ્ઞાન રાગથી જુદું પરિણમતું થકું આસ્રવોથી નિવર્તે છે, કર્મનો આસ્રવ ત્યાં થતો નથી. માટે જ્ઞાન તે જ કર્મબંધથી છૂટવાનો ઉપાય છે. અહો! સર્વજ્ઞ ભગવાને આત્માને 'ભગવાન' કહીને સંબોધ્યો છે. જેમ માતા બાળકને હાલરડામાં તેના વખાણ સંભળાવે છે કે 'મારો દીકરો ડાહ્યો...' તેમ જિનવાણી માતા આત્માના ગુણના હાલરડાં ગાઈને તેને જગાડે છે કે અરે જીવ! તું ભગવાન છો...તું પવિત્ર છો...તું આનંદરૂપ છો...ભાઈ! તું તારા નિજગુણનો પ્રેમ કર. રાગમાં તારી શોભા નથી. પોતાના ગુણોનો મહિમા ભૂલીને અનાદિથી જીવ રાગના પ્રેમમાં રોકાઈ રહ્યો છે, પોતાના આત્માને રાગરૂપ જ અનુભવી રહ્યો છે–તે જ ભવભ્રમણનું કારણ છે. પોતાનો સ્વભાવ રાગરહિત હોવા છતાં રાગ સહિત અનુભવે છે, પણ ભૂતાર્થસ્વભાવ શુદ્ધ છે તે રાગ વગરનો છે એવો અનુભવ અને ભેદજ્ઞાન કરવું તે મોક્ષનું કારણ છે.

રાગાદિ આસ્રવભાવો આકુળતારૂપ છે ને દુઃખનાં કારણો છે, બંધનાં કારણો છે; ને રાગથી ભિન્ન ચૈતન્યભગવાન આત્મા તો નિરાકુળ આનંદસ્વરૂપ છે, તે દુઃખનું કારણ નથી. આત્માનો અનુભવ નિરાકુળ શાંત સુખરૂપ છે, તેમાં દુઃખ નથી. ભાઈ, તારે સુખી થવું હોય તો આનંદમૂર્તિ તારો આત્મા છે તેની સન્મુખ તારે જોવું પડશે. રાગ તો દુઃખનું ઘર છે તેની સામે જોયે સુખ તને નહિ મળે. સુખનું ઘર આત્મા છે તેમાં ઉપયોગ મૂકતાં પરમ સુખનો અનુભવ થાય છે.

શ્રીમદ્ રાજચંદ્રનું વચન છે કે 'દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે; અને તે જો સમ છે તો સર્વત્ર સુખ જ છે.' વિષમઆત્મા એટલે મિથ્યાત્વ અને રાગદ્વેષ તે જ દુઃખનું કારણ છે, માત્ર તે જ દુઃખનું કારણ છે, એ સિવાય બીજાું કોઈ દુઃખનું કારણ નથી; રોગ, નિર્ધનતા વગેરે બાહ્ય સંયોગ કાંઈ દુઃખનું કારણ નથી, રાગ–દ્વેષ–મોહરૂપ જે વિષમતા તે જ દુઃખનું કારણ છે.

ભગવાન આત્મા કોઈનું કારણ–કાર્ય નહિ હોવાથી દુઃખનું અકારણ છે. ગયા વર્ષે સમ્મેદશિખર તીર્થની યાત્રાએ ગયેલા ત્યારે આ વાત પ્રવચનમાં આવી હતી.

જ્ઞાનમૂર્તિ આત્મા છે તેને બીજું કોઇ કારણ નથી, રાગ કારણ થઇને આત્માની પ્રાપ્તિ કરાવે એવું નથી. તેમજ આત્મા કારણ થઇને રાગને પોતાનું કાર્ય બનાવે એમ નથી. રાગાદિક સાથે આત્માને કારણ–કાર્યપણું નથી. રાગને તો દુઃખ સાથે કારણ–કાર્યપણું છે. ભગવાન આત્મા સ્વયં સુખરૂપ છે, તેને સુખ માટે બીજા કોઇ સાથે કારણ–કાર્યપણું નથી; તેમજ દુઃખનું કાર્ય–કારણપણું પણ તેનામાં નથી. આત્માની પ્રાપ્તિ દુઃખ દ્વારા ( રાગ દ્વારા ) થતી નથી. નિરાકુળ જ્ઞાન દ્વારા આત્મા અનુભવમાં આવે છે.

ભાઈ, પહેલાં આત્મા સમજવા માટે તેની મીઠાશ આવવી જોઈએ. બીજી વાતની ગંધ( રુચિ ) છોડીને સમજવા માગે તો આત્માની સુગંધ આવે એટલે કે અનુભવ થાય. નાકમાં દુર્ગંધની ગોળી ભરી રાખે તેને ફૂલની સુગંધ કયાંથી આવે ? તે દુર્ગંધ કાઢી નાંખે તો સુગંધની ખબર પડે. તેમ ચૈતન્યના પરમ આનંદની આ મીઠી મધુરી વાત, પણ પરભાવની રુચિરૂપી દુર્ગંધ રાખી છે તે જીવને સ્વભાવના આનંદની સુગંધ અનુભવમાં આવતી નથી. ભાઈ ! રાગ ને જ્ઞાન બંનેની જાત જ જુદી છે એમ સમજીને રાગની રુચિ છોડ ને જ્ઞાનાનંદસ્વભાવની રુચિ કર, તો તારા સ્વભાવના અપૂર્વ સુખનો અનુભવ તને થશે. પોતાના જ્ઞાનની રુચિ સિવાય બીજા કોઈ કારણથી સુખની પ્રાપ્તિ થતી નથી એટલે કે ધર્મ થતો નથી. આવા શુદ્ધ જ્ઞાનની રુચિ ને ઓળખાણ વગર શુભાશુભ ક્રિયાકાંડ બધા વ્યર્થ છે. શુદ્ધજ્ઞાનની ઓળખાણ વગર દેવ–ગુરુ–ધર્મની શુદ્ધશ્રદ્ધા પણ થતી નથી. દેવ–ગુરુએ શું કહ્યું તે જાણ્યા વગર દેવ–ગુરુની ખરી શ્રદ્ધા કયાંથી થશે ? દેવ–ગુરુએ રાગને બંધનું કારણ કહ્યું છે તેને બદલે રાગને ધર્મનું કારણ માનીને સેવે–તે જીવે દેવ–ગુરુના ઉપદેશને માન્યો નથી. બાપુ ! અત્યારે આ શુદ્ધઆત્માની શ્રદ્ધા કરવાના ટાણાં આવ્યા છે. 'પછી કરીશ' એમ વાયદા ન કરીશ. જેની રુચિ હોય તેમાં વાયદો ન હોય. આત્માની રુચિ હોય તો આત્માની ઓળખાણમાં વાયદા ન હોય. પૈસાની રુચિવાળો એમ નથી કહેતો કે હમણાં પૈસા નથી જોતા, પછી ધીમેધીમે કમાશું ! ત્યાં તો એકસાથે લાખો–કરોડો આવે તો લઇ લેવા માંગે છે. તો જેને આત્માની ખરેખરી રુચિ લાગે તેના ભાવમાં એમ ન આવે કે હમણાં આત્મા નથી સમજવો, પછી ધીમેધીમે સમજશું.–પણ તેના ભાવમાં તો એમ હોય કે અત્યારે જ આત્મા સમજીને તેમાં એકાગ્રતા કરું. જ્યાં રુચિ છે ત્યાં કાળની મુદત ગોઠતી નથી. ચૈતન્ય વિના જેને ક્ષણ પણ ચેન ન પડે, એવી જેને લગની લાગી છે તેને માટે આ વાત છે. ને આ વાત સમજ્યે જ દુઃખની ભઠ્ઠીમાંથી ઉગારો થાય તેમ છે. આ સિવાય અશુભ કે શુભ એ તો બધી આકુળતાની ભઠ્ઠી છે, તેમાં કયાંય શાંતિ નથી.

અરે, રાગમાં જેને મજા લાગે તે રાગથી જુદો પડીને આત્માને ક્યાંથી અનુભવે? ભગવાન તો કહે છે કે આત્મા જ સ્વ–પરનો પ્રકાશક ચેતન છે, ને રાગાદિ આસ્રવો તો ચેતનથી રહિત છે, તે સ્વને કે પરને નહિ જાણતા હોવાથી તેમને જડસ્વભાવ કહ્યા છે; ચેતનસ્વભાવથી તેની ભિન્નતા છે. રાગ પોતે પોતાને નથી જાણતો પણ રાગથી ભિન્ન એવું જ્ઞાન જ રાગને જાણે છે. આવી જ્ઞાન અને રાગની ભિન્નતા લક્ષમાં પણ ન લ્યે તે અંતરમાં ભેદજ્ઞાન કરીને અનુભવ તો ક્યાંથી કરે? ને ભિન્ન જ્ઞાનના અનુભવ વગર તેને ધર્મ ક્યાંથી થાય? જ્ઞાનનું રાગથી ભિન્ન પરિણમન થાય તે જ ધર્મ અને મોક્ષનું કારણ છે. જ્ઞાન અને રાગની જે ક્ષણે ભિન્નતા જાણે છે તે જ ક્ષણે જીવ રાગથી ભિન્ન જ્ઞાનભાવે પરિણમે છે. કોઇ કહે કે ભેદજ્ઞાન થયું પણ આનંદનો અનુભવ ન થયો.–તો એમ બને જ નહીં. જો રાગથી ભિન્ન થઇને જ્ઞાન ન પરિણમે ને રાગ સાથે એકમેકપણે જ પરિણમ્યા કરે તો તે જીવને ખરું ભેદજ્ઞાન થયું નથી, તે ભેદજ્ઞાનની માત્ર વાત કરે છે. જો ખરું ભેદજ્ઞાન થાય તો જ્ઞાની રાગમાં કેમ અટકે? ભેદજ્ઞાનનું કામ તો એ છે કે જ્ઞાનને અને રાગને જુદાપણે અનુભવવા; આત્માને જ્ઞાન સાથે એકમેક અનુભવવો ને રાગથી ભિન્ન અનુભવવો. આવા અનુભવરૂપ ભેદજ્ઞાન થતાં આસ્રવો છૂટી જાય છે. પહેલાં અજ્ઞાનથી આત્મા રાગાદિમાં તન્મય પ્રવર્તતો, તે હવે ભેદજ્ઞાન થતાં જ જ્ઞાનપણે જ પરિણમતો થકો રાગાદિ ભાવોથી નિવર્તે છે; એટલે તેને બંધન થતું નથી. આ રીતે ભેદજ્ઞાન તે બંધનથી છૂટવાનો ને મોક્ષ પામવાનો ઉપાય છે.

## જીવને પોતાને શિખામણ

જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે ત્યારે હે જીવ! આપણા વીતરાગી દેવ–ગુરુ–સંતોને ખૂબ ભાવથી યાદ કરીને એમ વિચારજે કે મારા દેવ–ગુરુએ શું કર્યું? હું પણ એ જ કરું કે જે મારા દેવ–ગુરુએ કર્યું. વીતરાગભાવ વડે પોતાના આત્માને લાભ થાય એ જ કરવાનું છે.

જેનાથી લાભ થતો હોય તેમાં પાછીપાની કરું નહિ, વીર થઇને તે માર્ગે જાઉં.

જેનાથી લાભ ન થાય તે તરફ જાઉં નહિ.

મારા હિત માટે એવો બહાદુર બનું કે જગતની કોઇ પરિસ્થિતિ મને ડગાવી ન શકે, ને હું મારા દેવ–ગુરુ જેવો બની જઉં.

# ❀ બંધનથી છૂટીને મોક્ષ પામવાની રીત ❀

## ( મુમુક્ષુને સ્વસંવેદન-પ્રત્યક્ષ આત્માના નિશ્ચયનો પરમહિતકર ઉપદેશ )

## ( સુરેન્દ્રનગર-વઢવાણ-જોરાવરનગરના પ્રવચનોમાંથી )

સમયસારની આ ૭૩મી ગાથા ઘણી સરસ છે. આત્માનો નિર્ણય કરીને તેનો અનુભવ કેમ થાય તેની વાત આચાર્યદેવે આમાં સમજાવી છે. શિષ્ય પૂછે છે કે પ્રભો! અજ્ઞાનમય આસ્રવો દુઃખદાયક છે, ને જ્ઞાનવડે તેનાથી છૂટી શકાય છે; તો હે પ્રભો! આત્માને આસ્રવોથી છૂટવાની રીત શું છે? તે સમજાવો.

તેના ઉત્તરમાં આચાર્યદેવ આ ગાથામાં આસ્રવથી છૂટવાની રીત બતાવે છેઃ–

**છું એક શુદ્ધ મમત્વહીન હું જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ( ૭૩ )**

ગઇ સાલ જયપુર ગયા ત્યારે પણ આ ગાથા પ્રવચનમાં વંચાણી હતી. જ્ઞાની પોતાના આત્માનો કેવો નિશ્ચય કરે છે ને કેવો અનુભવ કરે છે તે બતાવીને, તેવા નિશ્ચય અને અનુભવદ્વારા આત્મા આસ્રવોથી છૂટો પડે છે–એમ આસ્રવોથી છૂટવાની રીત સમજાવે છે.

–પણ આ વાત કોને સમજાવે છે? કે જેને સંસારની ચારગતિમાં દુઃખ લાગ્યાં છે, ને તેનાથી છૂટવા માટે ધા નાંખતો આવ્યો છે કે અરે! અનંતકાળના આ દુઃખોનો હવે અંત કેમ આવે? એવું શું કાર્ય કરું કે આ દુઃખથી આત્માનો છૂટકારો થાય ને નિરાકુળ શાંતિનું વેદન થાય! આવી જિજ્ઞાસાવાળા શિષ્યને આચાર્યદેવ આ અપૂર્વ વાત સમજાવે છે. આત્મામાં અમૃતની રેલમછેલ થાય એવી આ વાત છે.

આત્મા દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ છે, તેનામાં અનંત જ્ઞાનશક્તિ છે. આવી શક્તિવાળા આત્માનું ભાન કરીને તેમાં ઠરતાં પરમ સુખ પ્રગટે છે; પોતાના સ્વભાવને અવલંબતો આત્મા વિજ્ઞાનઘન થઈને રાગાદિ આસ્રવોને છોડી દે છે.

પહેલાં અજ્ઞાનભાવે રાગાદિની પક્કડ કરતો કે રાગ તે હું; રાગ અને જ્ઞાન જાણે એકમેક હોય એમ અજ્ઞાનથી જ્યાંસુધી અનુભવતો હતો ત્યાંસુધી આત્મા તે રાગાદિ દુઃખભાવોથી પાછો ફરતો ન હતો; પણ જ્યારે ભેદજ્ઞાનવડે પોતાના શુદ્ધ આત્માને જાણ્યો ત્યારે રાગને પોતાથી ભિન્ન જાણીને તેની પક્કડ છોડી દીધી; આ રીતે આત્મા બંધભાવોથી નિવૃત્ત થાય છે.

આવો આત્મા પોતામાં આત્મસ્વરૂપનો કેવો નિશ્ચય કરે છે–તે આ ગાથામાં સમજાવ્યું છે. એટલે સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પોતે પોતાના આત્માનો કેવો નિશ્ચય કરવો–તેની પરમ હિતકર વાત સન્તોએ સમજાવી છે. આવો આત્મનિર્ણય કરીને વિકલ્પ તોડીને અનુભવ કરે છે,–તેનો નિર્ણય પણ અપૂર્વ છે.

પ્રથમ તો એમ નિર્ણય કરે છે કે–હું આ આત્મા પ્રત્યક્ષ સ્વસંવેદનગમ્ય છું. આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ થાય છે. બહારના સાધનવડે કે રાગવડે આત્મા જણાય નહિ. અંતર્મુખ ઉપયોગવડે પોતે પોતાને પ્રત્યક્ષ થાય છે.

આત્મા પોતે પોતાને સ્વાનુભવ પ્રત્યક્ષ થાય છે એવી એનામાં તાકાત છે. 'આત્મવૈભવ' પુસ્તકમાં પ્રકાશ શક્તિના વિવેચનમાં તેનું વિસ્તારથી વર્ણન આવ્યું છે.

પ્રથમ તો 'હું કોણ છું' એનો સાચો નિર્ણય કરવાની આ વાત છે. ધર્મી થવું હોય તેણે પહેલાં એ નક્કી કરવું જોઈએ કે હું કોણ છું? શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વર્ષની વયે કહે છે કે–

**'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**

હું કોણ છું? આત્માનું ખરું સ્વરૂપ શું છે? એનો નિર્ણય કરવો તે ભવને છેદવાની ને સમ્યગ્દર્શન પામવાની ક્રિયા છે. સમ્યગ્દર્શનની તૈયારી વાળો, સ્વભાવના આંગણે આવેલો જીવ કેવો આત્મનિર્ણય કરે છે તેની વાત છે. પ્રત્યક્ષ જ્ઞાન વડે જણાઉં એવો અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા હું છું–આવો નિશ્ચય કરીને પોતામાં ઉપયોગ મુકતાં વિકલ્પ છૂટી જાય છે ને નિર્વિકલ્પ આનંદ સહિત સમ્યગ્દર્શન થાય છે.–આવી રીત સર્વજ્ઞભગવાનની વાણીમાં આવી છે.

અહો, આ નિર્ણયમાં ઘણું સ્વલક્ષનું જોર છે. આ નિર્ણય બીજાના લક્ષવડે નથી કર્યો. હું સ્વસંવેદન પ્રત્યક્ષ છું,–એટલે રાગવડે પ્રત્યક્ષ થાઉં એવો હું નહિ, એમ રાગના –વિકલ્પના અવલંબનની બુદ્ધિ છૂટી ગઈ છે, ને આત્માના સ્વભાવસન્મુખ બુદ્ધિ વળી છે. તે જીવ ઉપયોગને સ્વસન્મુખ કરી, વિકલ્પરહિત સાક્ષાત્ અનુભવ કરશે.–આ સમ્યગ્દર્શનની રીત છે.

એક માણસ કરોડો અબજોનો વૈભવ પામીને પોતાના મહેલમાં બેઠો હોય, ને બીજો માણસ બહાર ઊભો ઊભો તેવા વૈભવનો વિચાર કરતો હોય, તેમ જે સમ્યગ્દર્શન પામ્યા તે તો આત્માના મહેલમાં બેઠા–બેઠા સાક્ષાત્ આનંદને અનુભવે છે, ને સમ્યક્ત્વની સન્મુખ જીવ આત્માના સ્વરૂપનો વિચાર વડે નિર્ણય કરે છે. આત્માનો સાચો નિર્ણય કરવામાં પણ ઘણો પુરુષાર્થ છે. ભાઈ, જીવનમાં આ ખરું કરવા જેવું છે. આત્માના નિર્ણયમાં જ જેની ભૂલ હોય તેને અનુભવ થાય નહીં.

આત્મા અનાદિનો છે. એક ભવ છોડીને બીજો ભવ–એમ અનંતભવ તે કરી ચુકયો છે. તેમાં પૂર્વે કરેલા ભવ કોઈ જીવને અત્યારે યાદ પણ આવી જાય છે–એને જાતિસ્મરણજ્ઞાન કહે છે. અત્યારે આ સભામાં રાજુલ( ૭વર્ષની ) બેઠી છે તેને અઢી વર્ષની ઉમરે પૂર્વ ભવની વાત યાદ આવી છે કે પૂર્વ ભવમાં હું જુનાગઢમાં હતી ને ગીતા મારું નામ હતું. આમ પૂર્વ ભવની વાત યાદ આવવી એ કાંઈ બહુ આશ્ચર્યની વાત નથી. અસંખ્ય વર્ષ પહેલાનું જાણનારા પણ અત્યારે છે. આત્મા તો નિત્ય છે, તે કાંઈ આ શરીર જેટલો નથી. જુઓ, પૂર્વ ભવનું જ્ઞાન થઈ શકે તેની એક યુક્તિ :– બે મનુષ્યો છે, તેમાં એક ૧૦૦ વર્ષની ઉમરનો છે, બીજો ૫૦ વર્ષની વયનો છે. હવે સો વર્ષની વયનો માણસ પોતાની ૯૦ વર્ષ પહેલાંની કે ૯૮ વર્ષ પહેલાંની ( એટલે કે પોતે બે વર્ષનો હતો ત્યારની ) વાત જાણી શકે છે; જો તે જીવ પોતાની ૯૮ વર્ષ પહેલાંની વાતને અત્યારે જાણી શકે તો, જે માણસ ૫૦ વર્ષનો છે તેનો જીવ પણ પોતાની ૯૮ વર્ષ પહેલાંની વાત કેમ જાણી ન શકે? જીવની જાત તો સરખી છે એટલે તે પણ જરૂર જાણી શકે. હવે તે ૫૦ વર્ષની ઉમરનો માણસ પોતાની ૯૮ વર્ષ પહેલાંની વાતને યાદ કરે તો શું થાય?–કે આ ભવની પહેલાંના ભવ સાથે સંધિ થાય, આ ભવ પહેલાં પોતે કયાં હતો તે યાદ આવે. એટલે આ દેહ જેટલો આત્મા નથી પણ દેહથી ભિન્ન, બધા ભવમાં સળંગ રહેનારો આત્મા છે.–આવા નિત્ય આત્માને લક્ષમાં લ્યે તો દેહબુદ્ધિ છૂટી જાય. અહીં તો તે ઉપરાંત અંદરમાં આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષ કરવાની વાત છે.

અરે જીવ! આ દેહ તો છૂટી જવાનો જ છે, એ નક્કી છે, પછી સંયોગમાં હોંશ શેની? દેહનો ય સંયોગ જ્યાં રહેવાનો નથી પછી બીજા સંયોગની શી વાત? પણ જીવ પોતાને ભૂલીને સંયોગમાં એવો મુર્છાઇ રહ્યો છે કે એને પરભવનો વિચાર પણ આવતો નથી. જ્ઞાની તો શરીરને ભિન્ન જ દેખે છે, ક્ષણે ક્ષણે આત્મપ્રત્યક્ષ એવા પોતાના આત્માને દેહથી જુદો જ વેદે છે. આત્માનો સ્વાદ એ જ હું છું, દેહાદિ હું નહિ ને રાગનો આકુળસ્વાદ તે પણ હું નહિ, જ્ઞાનવડે સ્વસંવેદનમાં આનંદનો સ્વાદ આવે તે હું છું. આવા આત્માનો નિર્ણય કરે તો મૃત્યુનો ભય ન રહે. ભાઈ, આ મનુષ્યભવ તો ક્ષણિક ટૂંકા કાળનો છે, તે કાંઈ સદાકાળ રહેવાનો નથી; મૃત્યુ નજર સામે જ ઊભું છે એમ સમજીને તું સાવધાન થઈને આત્માના હિતની સંભાળ કર. 'ચેત ચેત નર ચેત!' દેહ તો અત્યારે પણ જુદો છે, ને તેનો સંયોગ છૂટી જશે. દેહ કાંઇ આત્માની સ્વ વસ્તુ નથી, દેહનો સ્વામી જડ પુદ્ગલ છે, આત્મા નહિ. અહીં તો કહે છે કે રાગનોય સ્વામી આત્મા નહિ, સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષજ્ઞાન તેનો સ્વામી આત્મા છે, ને તે જ હું છું–એમ ધર્મી પોતાના આત્માનો નિશ્ચય કરે છે. આત્મા એવો વિજ્ઞાનઘન છે કે તેમાં શુભવિકલ્પનોય પ્રવેશ ન થઈ શકે. એકલા વિજ્ઞાનઘનસ્વભાવે નિત્ય ટકતો આત્મા હું છું–એમ ધર્મી અનુભવે છે.

સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણે એક એવો હું 'શુદ્ધ' છું, મારી નિર્મળ અનુભૂતિ સર્વે કારકોના ભેદથી પાર છે. જડના કર્તા–કર્મ વગેરે કારકો તો આત્મામાં કદી નથી; રાગ અને વિકલ્પની ક્રિયાસંબંધી કારકો પણ આત્માની અનુભૂતિમાં નથી. અને નિર્મળ પર્યાયરૂપ ક્રિયાનો હું કર્તા, તે મારું કર્મ, જ્ઞાન તેનું સાધન–એવા જે નિર્મળ કારકોના ભેદના વિકલ્પો તે પણ શુદ્ધ આત્માની અનુભૂતિમાં નથી. તે વિકલ્પોથી પણ પાર શુદ્ધ અનુભૂતિમાત્ર હું છું.

જુઓ, આવા આત્માના નિર્ણય વગર સમ્યગ્દર્શન થાય નહિ. સમ્યગ્દર્શન પામનારને બીજા વિકલ્પો તો વચ્ચે આવે કે ન આવે, પણ આત્માનો આવો નિર્ણય તો જરૂર તેને આવે જ. આવા નિર્ણય પછી અનુભવવડે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શનરૂપી બીજ ઊગી પછી તે જીવને કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થાય જ.

અહો, આત્મા તો પોતાની નિર્મળ અનુભૂતિ સ્વરૂપ છે તેથી તે શુદ્ધ છે. નિર્મળ અનુભૂતિમાં વિકલ્પની અશુદ્ધતા નથી, કર્તા–કર્મના ભેદ નથી. આવી અનુભૂતિમાં ચૈતન્યના મહાન સ્વાદ પાસે આખી દુનિયાનો રસ છૂટી જાય છે. ચૈતન્યના આનંદ પાસે બીજું બધું થોથાં જેવું છે. આવો નિર્ણય કરે તેને શુભ વિકલ્પનું સ્વામીપણું પોતામાં ભાસતું નથી.

જ્ઞાનસ્વભાવી એવો મારો આત્મા પ્રત્યક્ષ છે, એક છે, નિર્મળ અનુભૂતિરૂપ શુદ્ધ છે; તે ક્રોધાદિ કોઈ પરભાવોના સ્વામીપણે પરિણમતો નથી–તેમાં એકપણે પરિણમતો નથી, તેથી હું મમતારહિત છું; પરભાવનો અંશપણ મને સ્વપણે ભાસતો નથી.–જે શુદ્ધ આત્માનો અનુભવ કરવો છે તેને પહેલાં નિર્ણયમાં તો લેવો જોઇએ ને? તે નિર્ણયની આ વાત છે.

ક્રોધાદિભાવોના સ્વામીપણે ધર્મીનો આત્મા પરિણમતો નથી, તે તો ક્રોધથી ભિન્ન જ્ઞાનના જ સ્વામીપણે પરિણમે છે. ક્રોધાદિ ભાવો કહેતાં પાપ અને પુણ્ય બંને ભાવો તેમાં લઈ લેવા. શુભ રાગનો સ્વામી થઈને અજ્ઞાની સ્વર્ગમાં પણ દુઃખી જ છે. અરે, સ્વર્ગમાં દુઃખ! હા, ભાઈ! એ સંયોગમાં કાંઈ થોડું સુખ છે? અંદર દુઃખના કારણરૂપ પરભાવ સાથેની એકત્વબુદ્ધિ જેને પડી છે તે જીવ સ્વર્ગમાં પણ દુઃખી જ છે. સુખ–દુખ કાંઇ સંયોગમાં નથી, સુખ–દુઃખ તો પોતાના પરિણામમાં છે. અહીં તો અનાદિનું અજ્ઞાન ને દુઃખ ટાળીને આત્માને સુખી કેમ કરવો તેની વાત છે.

આત્માને સુખી કરવા માટે તેના યથાર્થ સ્વરૂપનો નિશ્ચય અને અનુભવ કરવાની આ વાત છે. પરભાવનો એક અંશ પણ મારા ચિદાનંદસ્વરૂપમાં નથી. જ્ઞાનભાવથી પરિપૂર્ણ એવો હું મમતારહિત છું કેમકે પરભાવના એક અંશનુંય સ્વામીત્વ

મારામાં નથી. રાગના એક અંશથી પણ લાભ માને તે જીવને અનંતા રાગની મમતા છે, નિર્મમ આત્મસ્વભાવને તેણે જાણ્યો નથી. પરભાવનો એક અંશ પણ જેમાં સમાય નહિ એવા જ્ઞાનદર્શનસ્વભાવથી પરિપૂર્ણ મારો આત્મા છે. જેમ આકાશ વગેરે દ્રવ્ય પોત પોતાના વિશેષ સ્વભાવમાં રહેલા છે, પરમાર્થ વસ્તુવિશેષ છે, તેમ હું મારા પરિપૂર્ણ જ્ઞાન–દર્શન સ્વભાવમાં રહેલ પરમાર્થ વસ્તુ–વિશેષ છું; અન્ય દ્રવ્યોથી અસાધારણ એવા મારા વિશેષ સ્વભાવમાં–જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ સ્વભાવમાં હું સદાય રહેલો છું, ને રાગાદિપણે હું જરાપણ થતો નથી.–આવા આત્મ સ્વભાવનો નિશ્ચય કરીને તેમાં ઉપયોગ નિશ્ચલ રહેતાં આત્મામાંથી સર્વે આસ્રવ ભાવો છૂટી જાય છે ને આત્મા નિર્વિકલ્પ વિજ્ઞાનઘન આનંદરૂપ થાય છે. જેમ સમુદ્ર તરંગોથી ક્ષુબ્ધ થઈને ભમરી ખાતો હોય, ત્યારે તે ભમરીમાં વહાણને પકડી રાખે છે, પણ જ્યાં વમળ ઠરીને સમુદ્ર શાંત થયો ત્યાં વહાણને છોડીને દે છે. તેમ આ ભગવાન ચૈતન્ય સમુદ્ર પહેલાં રાગ અને વિકલ્પોની પક્કડથી મિથ્યાત્વરૂપી વમળમાં હતો ત્યારે તેણે આસ્રવોને પકડી રાખ્યા હતા, પણ જ્યાં રાગથી ભિન્ન પોતાના ચિદાનંદ શુદ્ધસ્વરૂપનો નિર્ણય કરીને પોતે પોતામાં નિશ્ચલ થયો, પોતે શાંતરસમાં મગ્ન થયો, ત્યાં વમળ શમી ગયા ને વિકલ્પોને છોડીને આત્મા નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વભાવે પરિણમ્યો.–આ આસ્રવોથી છૂટવાની રીત, ને આ મોક્ષનો માર્ગ. આ વિધિથી જ આત્મા બંધનથી છૂટીને મુક્તિ પામે છે. અનંતા જીવો મોક્ષ પામ્યા છે ને અનંતા જીવો મોક્ષ પામશે તે બધાય જીવો આ જ રીતથી મોક્ષ પામ્યા છે ને પામશે; આ સિવાય મોક્ષની બીજી કોઈ રીત નથી.

શરૂઆતમાં તો કાંઈ બીજી રીત હશે ને? ના ભાઈ, પહેલેથી જ આ જ રીતે છે. આ રીતે જ મોક્ષનો ઉપાય શરૂ થાય છે. આ માર્ગમાં શંકા કરવા જેવી નથી. અરે, જે મહા દુઃખનું કારણ છે એવા ઊંધા માર્ગમાં અજ્ઞાની જીવો નિઃશંક થઈને વર્તે છે, ને પોતાના હિત માટેનો જે સાચો માર્ગ વીતરાગી સન્તો બતાવે તેમાં શંકા કરે છે.–એ જીવ દુઃખમાંથી કેમ છૂટે? ભાઈ, અનંતા જન્મમરણ ટાળવાની ને અનંતું સુખ પામવાની સાચી રીત સન્તો બતાવે છે, તે જાણીને નિઃશંક થા. આત્માનું જેવું પરમાર્થસ્વરૂપ છે તેવું લક્ષમાં લઈ, નિશ્ચય કરીને તેનો અનુભવ કરવો તે જ દુઃખથી છૂટવાની રીત છે.

અનાદિકાળથી જીવે ચારગતિનાં કારણો સેવ્યાં છે પણ મોક્ષના કારણને કદી સેવ્યું નથી. આત્માનો સ્વભાવ સર્વજ્ઞ જેવો છે એને ભૂલીને રાગવાળો જ માનીને રાગનું સેવન કર્યું છે. જેણે હિત કરવું હોય ને સુખી થવું હોય તેણે આવો નિશ્ચય કરવો કે હું રાગાદિ પરભાવોથી જુદો એકલો જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું, શુદ્ધ છું, જ્ઞાનભાવથી અન્ય ભાવોનું સ્વામીત્વ મારામાં નથી. સ્વાનુભૂતિગમ્ય જે પરમતત્ત્વ

તે જ હું છું.–આવા સ્વરૂપમાં અંતર્મુખ થતાં તત્કાળ સર્વ વિકલ્પો છૂટી જાય છે, ને આત્મા નિજસ્વરૂપમાં એકાગ્રપણે વિજ્ઞાનઘન થઈને અતીન્દ્રિય આનંદને અનુભવે છે.

અહો, ચિદાનંદસ્વરૂપના ધ્યાન વગરની ક્ષણ લાખેણી જાય છે. ચિદાનંદ સ્વરૂપનું ધ્યાન એ જ ધર્મીનું કાર્ય છે; એના સિવાય રાગાદિ કોઈ કાર્યને ધર્મી પોતામાં સ્વીકારતા નથી. ચૈતન્યસમુદ્રમાં દૃષ્ટિ કરતાં અતીન્દ્રિય આનંદની ભરતી ઊછળે છે. આત્મા પોતે પોતાના સ્વભાવને જ અવલંબીને આનંદરૂપ પરિણમે છે, તેમાં વિકલ્પનું અવલંબન નથી. રાગથી જુદું પડીને જ્ઞાન પોતે પોતામાં જામ્યું–એવા જ્ઞાનનો અનુભવ તે સમ્યગ્દર્શન છે; તે આસ્રવથી ને બંધથી છૂટીને મોક્ષસુખ પામવાનો ઉપાય છે.




- ચૈત્ર સુદ ૧૪, તા. ૧૨–૪–૬૮ ના રોજ અમદાવાદના ભાઈશ્રી બાબુલાલભાઈના પિતાજી ગોપાલદાસભાઈ સ્વર્ગવાસ પામ્યા. ચૈત્ર સુદ ૧૩ સુધી તો તેઓ જિનમંદિરે વાંચનમાં પણ ગયેલા. પૂ. ગુરુદેવ અમદાવાદ પધારે ત્યારે તેમના બંગલામાં ઊતરતા; તેઓ ખૂબ ભાવના શાળી હતા, ને ઘણા વખતથી અવારનવાર ગુરુદેવના સત્સંગનો લાભ લેતા હતા. આપણા બાલવિભાગના ઉત્સાહી સભ્ય રોમેશકુમારના તેઓ દાદાજી થાય. છેલ્લે દિવસે માંદગી વખતેય તેમણે તત્ત્વનું શ્રવણ કર્યું હતું તથા દેવ–ગુરુના સ્મરણપૂર્વક દેહ છોડયો હતો.

- તા. ૩૦–૩–૬૮ ના રોજ રાજકોટના ભાઈશ્રી કાન્તિભાઈ વગેરેના પિતાજી નાનચંદ ભાઈ સ્વર્ગવાસ પામ્યા છે. પૂ. ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો ને અવાર–નવાર સત્સંગનો લાભ લેતા હતા.

- ભડકવાના ભાઈશ્રી કેશવલાલ કસ્તુરચંદ સોનગઢ મુકામે તા. ૮–૪–૬૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા; છેલ્લી મિનિટો સુધી હું જ્ઞાયક છું એવું સ્મરણ કરતા હતા. કેટલાક વર્ષોથી તેઓ સોનગઢમાં રહીને ગુરુદેવના સત્સંગનો લાભ લેતા હતા.

- વીંછીયાના ભાઈશ્રી અંબાલાલ કેશવલાલ ડગલી ચૈત્ર વદ ૧૪ ના રોજ વીંછીયા મુકામે એકાએક હૃદય રોગના હુમલાથી સ્વર્ગવાસ પામી ગયા; તેઓ વીંછીયા ઉત્સવમાં ભાગ લેવા માટે મુંબઈથી આવ્યા હતા; આગલે દિવસે મધરાત સુધી કામકાજમાં ભાગ લીધો હતો; છેલ્લે દિવસે સવારે પણ સ્વાગતમાં આવવાની તૈયારીમાં હતા, ત્યાં એકાએક સ્વર્ગવાસ થઈ ગયો તેઓ પોતાની ભક્તિ ભાવના સાથે લઈને ગયા છે.

સ્વર્ગસ્થ આત્માઓ દેવ–ગુરુધર્મની ઉપાસનાથી આત્મહિત પામો.

# વીંછીયાનગરમાં ગુરુદેવનો ૭૯મો જન્મોત્સવ

ચૈત્ર વદ ૧૪, તા. ૨૬-૪-૬૮ના રોજ ગુરુદેવ વીંછીયા પધારતાં હજારો ભક્તોએ ભવ્ય સ્વાગત કર્યું. જન્મોત્સવ નિમિત્તે વીંછીયાનગરીને સુંદર શણગારવામાં આવી હતી...રાત્રે ઝગમગ દિવડાઓ વડે વૃક્ષો પણ જાણે ઉત્સવનો આનંદ વ્યક્ત કરી રહ્યા હતા. દરવાજા પાસે (સ્કુલમાં) પ્રવચન વગેરે માટે ચંદ્રપુરી-મંડપ રચવામાં આવ્યો હતો. આસપાસની ગ્રામ્યજનતા પણ હજારોની સંખ્યામાં ઉત્સવ અને નગરીની શોભા જોવા ઉમટી પડી હતી. વીંછીયાના વતની -જેઓ દશદશ વર્ષથી બહારગામ વસતા તેઓ પણ મોટી સંખ્યામાં ખાસ આ ઉત્સવમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા. પ્રવચનમાં સમયસાર ગા. ૧૪ વંચાણી હતી, સાંજે તથા રાત્રે અજમેરની તથા ઘાટકોપરની ભજનમંડળી દ્વારા ભક્તિ-ભજન થયા હતા. પહેલાં સોનગઢમાં જેવું જિનમંદિર હતું તેવું જ બરાબર કોપી ટુ કોપી વીંછીયામાં બંધાયું છે ને તેમાં ચંદ્રપ્રભુ વગેરે ભગવંતો બિરાજમાન છે.

વૈશાખ સુદ બીજને દિવસે ઉત્સાહ અનેરો હતો...શરણાઈ ગાજી ઊઠી ને જન્મવધાઈ ગાતાં ગાતાં હજારો ભક્તો વહેલી સવારમાં જિનમંદિરે આવ્યા અને પ્રભાતફેરી પૂર્વક ઉત્સવ-મંડપમાં આવ્યા...ગુરુદેવ પણ સુશોભિત ૭૯ દરવાજા વચ્ચેથી પસાર થઈને મંડપમાં પધાર્યા...ચારેકોર જય જયનાદ ગૂંજી રહ્યા હતા...જેના પડઘા આખા વીંછીયામાં સંભળાતા હતા. જન્મવધાઈના મંગલ મૂરતમાં મુ. શ્રી રામજીભાઈએ જિનવાણી પરમાગમ ગુરુદેવને ભેટ કર્યા. ને શ્રીફળ લઈ લઈને હજારો ભક્તોએ ગુરુદેવને અભિનંધા; સ્તુતિ કરી અને ગુરુદેવના શ્રીમુખે માંગલિક સાંભળ્યું. આજે વીંછીયાનગરીનું વાતાવરણ અનેરું હતું...ઘરે ઘરે જન્મોત્સવની શોભા હતી...મંડપ ચારેકોર ભક્તોના ટોળાથી ઊભરાતો હતો...પૂ. બેનશ્રી બેન દ્વારા જન્મવધાઈ ગવાતી હતી. ત્યારબાદ જિનમંદિરમાં પૂજન થયું...નાનકડું મંદિર હજારો દર્શકોની ભીડ વચ્ચે આજે ગૌરવ અનુભવતું હતું. ગુરુદેવના સુહસ્તે મંગળ મૂર્તિ કુંદકુંદપ્રભુના ચિત્રની સ્થાપના થઈ. સવાસાતથી જિનેન્દ્રદેવની રથયાત્રા નીકળી...ગામના એક છેડાથી બીજા છેડે પથરાયેલી ભવ્ય રથયાત્રા વીછીંયામાં અજોડ હતી. આઠથી પોણાનવ ગુરુદેવે મંગલ પ્રવચન કર્યું...તેમાં કહ્યું કે જ્ઞાન તેનું નામ કે જેની સાથે આનંદ હોય. શુદ્ધ આત્માની સન્મુખ થઈને તેને જાણતાં સાચું જ્ઞાન ને સાચું સુખ થાય છે. અનંત ગુણનો દરિયો... ને સુખથી ભરિયો, -તેનો અનુભવ કરતાં આનંદ થાય છે...પછી જીવનું મન બીજે કયાંય લાગતું નથી. -આવા આત્માની હા પાડીને તમે પ્રમાણ કરજો...અનુભવમાં લેજો...આત્માના નિજવૈભવથી અમે આવો શુદ્ધ આત્મા બતાવ્યો, તો શ્રોતાઓ ઉપાદાનની તૈયારીથી તેનો અનુભવ કરનારા છે -એમ

ઉપાદાન-નિમિત્તની સંધિપૂર્વકની વાત છે. હે વાલીડા! અનુભવનો આ અવસર છે... તેને તું ચુકીશ મા. આમ અનુભવનો ઉલ્લાસ પ્રેરનારું પ્રવચન ગુરુદેવના શ્રીમુખથી સાંભળતાં સૌને ઘણો હર્ષ થયો.

પ્રવચન બાદ-૭૯મા જન્મોત્સવની ખુશાલીમાં સેંકડો ભક્તો તરફથી ૭૯ની રકમો જાહેર કરવામાં આવી હતી, -જેમાં આફ્રિકા વગેરેના મુમુક્ષુઓ તરફથી પણ અનેક રકમો આવી હતી. ગામેગામથી સેંકડો અભિનંદન સંદેશાઓ આવેલા હતા. તથા જન્મોત્સવ નિમિત્તે ગુરુદેવ પ્રત્યે સમાજની વતી હાર્દિક શ્રદ્ધાંજલિરૂપે વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલ જે. શાહ, રસિકભાઈ ધોળકિયા, ખીમચંદભાઈ જે. શેઠ, પ્રમુખશ્રી નવનીતભાઈ ઝવેરી વગેરેએ સંક્ષિપ્ત ભાષણ વડે ગુરુદેવનો ઉપકાર અને મહિમા વ્યક્ત કર્યો હતો. અને વીંછીયા મુમુક્ષુમંડળ તરફથી રજતપત્રમાં કોતરેલું સ્તુતિપત્ર પ્રમુખશ્રી નવનીતભાઈ ઝવેરીના હસ્તે પૂ. ગુરુદેવને અર્પણ કરવામાં આવ્યું હતું. બપોરે અને સાંજે પણ ભક્તિ વગેરે દ્વારા જન્મોત્સવનો આનંદ ચાલુ જ હતો. આ રીતે જૈનશાસનના મહાન પ્રભાવક અને પરમ ઉપકારી ગુરુદેવનો જન્મોત્સવ વીંછીયાનગરમાં આનંદથી ઉજવાયો. -તે બદલ વીંછીયાના દિગંબર જૈનસંઘને અભિનંદન. આ ઉત્સવમાં શ્વેતાંબર સંઘે તેમજ નગરીની જનતાએ પણ સુંદર સાથ આપ્યો હતો.

જન્મોત્સવ પછી વૈશાખ સુદ સાતમ-આઠમે ગુરુદેવ જન્મધામ ઉમરાળાનગરીમાં પધારી રહ્યા છે. ત્યારબાદ વૈ. સુદ ૯ થી ૧૪ લીંબડી પધારશે, ને વૈશાખ સુદ પૂર્ણિમાએ સોનગઢમાં મંગલ પધરામણી થશે.

**આત્મવૈભવ (એક ખુલાસો):** આ પુસ્તકમાં ૧૨૯ મા પાને નીચે મુજબ વાકય છપાયું છે તે રદ સમજવું- “ભિન્ન ભિન્ન અનંતગુણના મળીને અનંત પ્રદેશો એકેક ચૈતન્ય પ્રદેશમાં રહેલા છે...” (ગુણોમાં પ્રદેશભેદ નથી; જ્ઞાન આનંદ વગેરે ભિન્નભિન્ન ગુણોના પ્રદેશો ભિન્નભિન્ન નથી, ગુણોને પ્રદેશભેદ નથી. -એ સંબંધી સ્પષ્ટતા આગળ પાછળના લખાણમાં આવેલી જ છે.) લખાણમાં ઉપરોક્ત ક્ષતિ પ્રત્યે ધ્યાન ખેંચનાર જિજ્ઞાસુભાઈનો આભાર માનીએ છીએ. (સં.)

# 卐 આજે મંગલ વધાઈ વાગતી રે 卐



આ કોઈ બગીચાનું કે આંબાવનનું દૃશ્ય નથી,
આ દૃશ્ય તો છે–સોનગઢમાં ઉજવાયેલ ૭૭મી જન્મજયંતીનું.

# સારી સારી વાત

## સુખ

મારું સુખ મારામાં છે, એટલે મારામાં ઉપયોગ જોડું એ જ સુખ છે.

મારું સુખ બહારમાં નથી, તો બહારમાં મને કેમ ગોઠે ?

મને કયાંય ન ગમે પણ આત્મામાં ગમે.

## એકત્વ

એક આત્મામાં ઉપયોગ જોડીને રહેવું તે એકત્વ–જીવન છે.
એકત્વ–જીવન એ શાંત જીવન છે એ સુખી જીવન છે.
ચિત્તમાં આત્માથી બીજા ભાવોનું ઘોલન થતાં
એકત્વમાં ભંગ પડે છે, એટલે સુખમાં ભંગ પડે છે.

## દુઃખથી દૂર

જેમાં દુઃખ લાગે એનાથી જીવ ભાગે.
જેમાં ખરેખર ગમે. તેમાં જરૂર ઉપયોગ જોડે.
વિભાવોમાં જો ખરેખર દુઃખ લાગે તો તેનાથી પાછો
ફરીને નિજસ્વરૂપમાં આવી જ જાય.
નિજસ્વરૂપ જો ખરેખર ગમતું હોય તો ઉપયોગને
અંતર્મુખ કરીને તેને જાણે જ.

## ભેદજ્ઞાન

જો સ્વમાં એકતા ન કરે ને પરથી ભિન્નતા ન જાણે
તો તેને સ્વ પરનું ભેદજ્ઞાન થયું જ નથી.
જ્યાં ભેદજ્ઞાન છે ત્યાં નિજાનંદની અનુભૂતિ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ ( પ્રતઃ ૨૫૦૦ )